પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૩૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૨-૦૨-૨૦૨૪ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com



# મોદી સરકારના બજેટમાં કરોડો ભારતીયોની આશા પર પાણી ફરી વળ્યું, બજેટમાં ટેક્સમાં કોઈ જાહેરાત ન થઈ

## ટેક્સમાં કોઈ ફેરફાર નહીં, એક કરોડ પરિવારોને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી; આયુષ્માન ભારતનો વ્યાપ વધ્યો

### ટેક્સમાં કોઈ ફેરફાર નથી, ૨.૫ લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત

સરકારે આ વખતે આવકવેરામાં સામાન્ય માણસને કોઈ રાહત આપી નથી. જો તમે જૂની ટેક્સ સિસ્ટમ પસંદ કરો છો, તો તમારી ૨.૫ લાખ રૂપિયા સુધીની આવક હજુ પણ કરમુક્ત રહેશે. જો કે, આવકવેરા કાયદાની કલમ ૮૭અ હેઠળ, તમે ૫ લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ બચાવી શકો છો. નવી ટેક્સ સિસ્ટમ પસંદ કરવા પર, પહેલાની જેમ, તમારે ૩ લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ ચૂકવવો પડશે નહીં. આમાં પણ, આવકવેરા કાયદાની કલમ ૮૭અ હેઠળ, પગારદાર વ્યક્તિઓ ૭.૫ લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ છૂટ મેળવી શકે છે અને અન્યને ૭ લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ છૂટ મળી શકે છે.

### રેલવેના ૪૦ હજાર કોચ વંદે ભારત સ્ટાન્ડર્ડના બનશે

નાણામંત્રી નિર્મલા સીતારમણે તાજેતરના બજેટમાં આની જાહેરાત કરી હતી. આ સિવાય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી મોટી જાહેરાત કરવામાં આવી હતી. માલસામાનની હેરફેર માટે બનાવવામાં આવી રહેલા રેલવે કોરિડોર ઉપરાંત વધુ ત્રણ રેલવે કોરિડોર બનાવવામાં આવશે. આ ત્રણ રેલવે કોરિડોર છે.

ઉર્જા અને સિમેન્ટ કોરિડોરઃ તેનો ઉપયોગ સિમેન્ટ અને કોલસાના પરિવહન માટે અલગથી કરવામાં આવશે.

પોર્ટ કનેક્ટિવિટી કોરિડોરઃ આ કોરિડોર દેશના મુખ્ય બંદરોને જોડશે.

હાઈ ડેન્સિટી કોરિડોરઃ આ કોરિડોર એવા રેલવે માર્ગો માટે હશે જે વધુ ભીડવાળા હોય છે.

આ વર્ષે કેન્દ્ર સરકારે મૂડી ખર્ચમાં ૧૧.૧ ટકાનો વધારો કર્યો છે. હવે કેપિટલ એક્સપેન્ડિચર ૧૧.૧૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે, જે જીડીપીના ૩.૪% છે.

### FDIનો પ્રવાહ ૧૦ વર્ષમાં બમણો થશે, વિદેશી રોકાણ માટે વિદેશી ભાગીદારો સાથે વાતચીત

૨૦૧૪-૨૩ દરમિયાન FDIનો પ્રવાહ ૫૯૬ બિલિયન હતો. ૨૦૦૫-૧૪ દરમિયાન આ પ્રવાહ બમણો છે. નાણામંત્રીએ કહ્યું કે અમે વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવા માટે અમારા વિદેશી ભાગીદારો સાથે ૨૨ દ્વિપક્ષીય રોકાણ સંધિઓ પર સતત વાટાઘાટો કરી રહ્યા છીએ.

### રાજ્યોને પ્રવાસન માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, વ્યાજમુક્ત લોન મળશે

રાજ્યોને પ્રતિષ્ઠિત પ્રવાસન કેન્દ્રો વિકસાવવા અને વૈશ્વિક સ્તરે તેમની બ્રાન્ડ બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. સુવિધાઓ અને સેવાઓની ગુણવત્તાના આધારે કેન્દ્રોને રેટિંગ આપવા માટે એક માળખું બનાવવામાં આવશે. આ માટે રાજ્યો પાસેથી વ્યાજમુક્ત લોન મળશે.

### રાજ્યોમાં સુધારાની જરૂર છે, તેના માટે ૭૫ હજાર કરોડ રૂપિયા વ્યાજમુક્ત આપવામાં આવશે

નાણામંત્રીએ કહ્યું કે 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા માટે રાજ્યોમાં અનેક વિકાસ અને વૃદ્ધિને સક્ષમ કરતા સુધારાની જરૂર છે. આ માટે રાજ્ય સરકારોને ૫૦ વર્ષ માટે ૭૫ હજાર કરોડ રૂપિયા વ્યાજમુક્ત આપવામાં આવશે.

### સ્કીલ ઈન્ડિયા મિશન હેઠળ ૧.૪ કરોડ યુવાનોને તાલીમ

નાણામંત્રીએ કહ્યું કે સ્કીલ ઈન્ડિયા મિશન હેઠળ ૧.૪ કરોડ યુવાનોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા અને ૫૪ લાખ લોકોને પુનઃકુશળ બનાવવામાં આવ્યા. ૩ હજાર નવી ITI બનાવવામાં આવી. ઉચ્ચ શિક્ષણ માટે ૭ IIT, ૧૬ IIIT, ૭ IIM, ૧૫ AIIMS અને ૩૯૦ યુનિવર્સિટીઓની સ્થાપના કરી.

### આયુષ્માન ભારતનો વ્યાપ વધ્યો, હવે આશા-આંગણવાડી કાર્યકરોને આવરી લેવાશે

આયુષ્માન ભારત યોજના હેઠળ હવે તમામ આંગણવાડી અને આશા વર્કરોને તેના દાયરામાં લાવવામાં આવશે. તેની શરૂઆત ૨૦૧૮માં કરવામાં આવી હતી. આ યોજના દેશના ઓછી આવક જૂથના નાગરિકોને આરોગ્ય સુરક્ષા પૂરી પાડે છે. હાલમાં, આ યોજના હેઠળ, ૫ લાખ રૂપિયા સુધીની સારવાર મફતમાં ઉપલબ્ધ છે.

### નવી મેડિકલ કોલેજો બનાવવામાં માટે કમિટીની રચના

નાણામંત્રીએ કહ્યું કે અમારી સરકાર વિવિધ વિભાગો હેઠળના હાલના હોસ્પિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને વધુ મેડિકલ કોલેજો સ્થાપવાની યોજના બનાવી રહી છે. આ માટે એક સમિતિની રચના કરવામાં આવશે.

### ૨૦૨૫-૨૬ સુધીમાં રાજકોષીય ખાધ ઘટાડીને ૪.૫% કરવાનો લક્ષ્યાંક, હાલમાં તે જીડીપીના ૫.૧%

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાજકોષીય ખાધ ૫.૧% રહેવાનો અંદાજ છે, જે ૨૦૨૩-૨૪ કરતા ૦.૭% ઓછી છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં રાજકોષીય ખાધ જીડીપીના ૪.૫% પર આવી જશે.

### યુ-વિન પ્લેટફોર્મ દ્વારા રસીકરણનો પ્રચાર, ૯-૧૪ વર્ષની છોકરીઓ માટે મફત રસી

રસીકરણને U-WIN પ્લેટફોર્મ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે. જેમાં ૯-૧૪ વર્ષની છોકરીઓને સર્વાઈકલ કેન્સરથી બચવા માટે વિનામૂલ્યે રસી આપવામાં આવશે. સ્તન કેન્સર પછી, સ્ત્રીઓ ભારતમાં સર્વાઈકલ કેન્સરથી સૌથી વધુ પીડાય છે. દર વર્ષે ૧ લાખ ૨૫ હજારથી વધુ દર્દીઓને સર્વાઈકલ કેન્સરનું નિદાન થાય છે. આનો મૃત્યુઆંક ૭૭,૦૦૦થી ઉપર છે.

### સંરક્ષણ બજેટમાં ૩.૪ ટકાનો વધારો થયો

ભારતનું સંરક્ષણ બજેટ હવે ૬.૨૦ લાખ કરોડ રૂપિયા છે. ગયા વર્ષે સંરક્ષણ બજેટ ૫.૯૩ લાખ કરોડ રૂપિયા હતું. એટલે કે આ વખતે સંરક્ષણ બજેટમાં ૩.૪%નો વધારો થયો છે. સરકારે આ વર્ષે ત્રણેય સેનાઓના પગાર માટે ૨.૮૨ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૧૨૬૫૨ કરોડ રૂપિયા વધુ છે.

### ટેક-સેવી યુવાનો માટે ૧ લાખ કરોડની વ્યાજમુક્ત લોનની જાહેરાત

નાણામંત્રી નિર્મલા સીતારમણે ટેકનોલોજીકલ રિસર્ચની લોન્ગ-ટર્મ ફાઈનાન્સિંગ માટે રૂ. ૧ લાખ કરોડના ભંડોળની જાહેરાત કરી હતી. આ લોન ૫૦ વર્ષ માટે રહેશે. આના પર કોઈ વ્યાજ લેવામાં આવશે નહીં. ખાનગી ક્ષેત્રને તેના સંશોધન અને નવીનતા વધારવામાં તેનો ફાયદો થશે. નાણામંત્રીએ કહ્યું કે આ ફંડનો હેતુ ભારતના ટેક-સેવી યુવાનોને ધ્યાનમાં રાખવાનો છે.

### બ્લુ ઈકોનોમી ૨.૦ હેઠળ શરૂ થશે નવી સ્કીમ, પ્રવાસીઓ કરી શકશે સ્કુબા ડાઈવિંગ

બ્લુ ઈકોનોમી એટલે સમુદ્ર આધારિત અર્થતંત્ર અથવા દરિયાઈ સંસાધનોના સંશોધન દ્વારા વિકાસ. કેન્દ્ર સરકાર દરિયાકાંઠાના રાજ્યોની નજીક બ્લુ-ઈકોનોમી દ્વારા વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ભારતનું પહેલું આ પ્રકારનું દરિયાઈ મિશન છે, જેમાં પ્રવાસીઓને સમુદ્રની ઊંડાઈમાં સ્કુબા ડાઈવિંગ કરાવવામાં આવશે. દેશની જીડીપીમાં બ્લુ ઈકોનોમીનો ફાળો લગભગ ૪% છે.

### મત્સ્ય સંપદા યોજનાને પ્રોત્સાહન આપવામાં આવશે, તેનાથી ૫૫ લાખ નવી નોકરીઓ મળશે

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાને પ્રોત્સાહન આપવામાં આવશે. એક્વાકલ્ચર ઉત્પાદકતા ૩ ટનથી વધારીને ૫ ટન કરવામાં આવશે. નિકાસ વધારીને રૂ. ૧ લાખ કરોડ કરશે. મત્સ્ય સંપદા યોજના ૫૫ લાખ નવી નોકરીઓનું સર્જન કરશે.

### ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર

સરકારે ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા. ગરીબ કલ્યાણ યોજના હેઠળ ખાતાઓમાં રૂ. ૩૪ લાખ કરોડ મોકલાયા. PM કિસાન યોજનાથી ૧૧.૮ કરોડ લોકોને આર્થિક મદદ મળી છે.

### ૭૮ લાખ શેરી વિક્રેતાઓને મદદ, ૪ કરોડ ખેડૂતોને પાક વીમા યોજનાનો લાભ

નાણામંત્રીએ કહ્યું કે જલ યોજના દ્વારા દરેક ઘર સુધી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ૭૮ લાખ સ્ટ્રીટ વેન્ડર્સને મદદ આપવામાં આવી છે. ૪ કરોડ ખેડૂતોને PM પાક વીમા યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. PM કિસાન યોજનાથી ૧૧.૮ કરોડ લોકોને આર્થિક મદદ મળી છે.

### મધ્યમ વર્ગ માટે આવાસ યોજના, ગ્રામીણ આવાસનો વ્યાપ વધ્યો

પીએમ આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ૩ કરોડ મકાનો બનાવવાનું કામ પૂર્ણ થયું છે. આગામી ૫ વર્ષમાં બીજા ૨ કરોડ મકાનો બનાવવામાં આવશે. આ સાથે નાણામંત્રીએ કહ્યું કે સરકાર મધ્યમ વર્ગ માટે પોતાનું ઘર ખરીદવા અથવા બનાવવા માટે આવાસ યોજના શરૂ કરશે.

### બજેટમાં ક્લાઈમેટ ચેન્જ પર પણ ધ્યાન આપવામાં આવ્યું છે, ૬,૫૮૫ ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવશે

૨૦૭૦ સુધીમાં શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા માટે સરકારે એમોનિયા અને મિથેનોલ ગેસની આયાત ઘટાડવાનો નિર્ણય કર્યો છે. આ માટે દેશમાં ૨૦૩૦ સુધીમાં કોલસાને ગેસમાં રૂપાંતરિત કરીને ઈંધણ બનાવવાની સુવિધા ઉભી કરવામાં આવશે. ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવશે. ઈલેક્ટ્રિક વાહનોને ચાર્જ કરવા માટે ૬,૫૮૫ ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવશે.

### રૂફટોપ સોલારથી ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી મળશે, એક કરોડ પરિવારોને ફાયદો થશે

રૂફટોપ સોલારાઈઝેશન દ્વારા, એક કરોડ પરિવારોને દર મહિને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી મળશે. કેન્દ્ર સરકાર ૨૦૧૪થી 'નેશનલ રૂફટોપ સ્કીમ' ચલાવી રહી છે. તે જ સમયે, પીએમ નરેન્દ્ર મોદીએ પણ તાજેતરમાં જ 'પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના'ની જાહેરાત કરી છે. આમાં ૧ કરોડ ઘરોમાં રૂફટોપ સોલર લગાવવામાં આવશે.

### લખપતિ દીદી યોજનાનો વ્યાપ વધ્યો, ૩ કરોડ મહિલાઓને કરોડપતિ બનાવવાનો લક્ષ્યાંક

બજેટમાં લખપતિ દીદી યોજના હેઠળ ૩ કરોડ મહિલાઓને કરોડપતિ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. અગાઉ આ લક્ષ્યાંક ૨ કરોડ હતો. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં એક કરોડ મહિલાઓને કરોડપતિ બનાવવામાં આવી છે. યોજના હેઠળ મહિલાઓને ઉદ્યોગ સાહસિકતા, શિક્ષણ અથવા અન્ય જરૂરિયાતો માટે નાની લોન આપવામાં આવે છે.

### કૃષિ માટે સૌથી ઓછા રૂ. ૧.૨૭ લાખ કરોડ મળ્યા, જે ગયા વર્ષ કરતાં ૧.૬% વધુ છે

સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કૃષિ ક્ષેત્રને ૧.૨૭ લાખ કરોડ રૂપિયા આપ્યા છે. ગયા વર્ષની સરખામણીમાં આમાં માત્ર રૂ. ૨,૦૦૦ કરોડનો વધારો થયો છે એટલે કે ૧.૬%. ગયા વર્ષે કૃષિ બજેટ માટે ૧.૨૫ લાખ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

### UDAN યોજના હેઠળ નવા એરપોર્ટ બનાવવામાં આવશે

નાણામંત્રીએ કહ્યું કે ઉડાન (ઉડે દેશ કા આમ નાગરિક) યોજના હેઠળ નવા એરપોર્ટ બનાવવામાં આવશે અને પહેલાથી જ અસ્તિત્વમાં રહેલા એરપોર્ટનું વિસ્તરણ કરવામાં આવશે. આ યોજના ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એર કનેક્ટિવિટીના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને સામાન્ય નાગરિકો માટે ફ્લાઈટ સેવાઓ સુલભ બનાવવાનો છે.

### લખપતિ દીદીનો વ્યાપ વિસ્તર્યો, ૩ કરોડ મહિલાઓને કરોડપતિ બનાવવાનો લક્ષ્યાંક

બજેટમાં લખપતિ દીદી યોજના હેઠળ ૩ કરોડ મહિલાઓને કરોડપતિ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. અગાઉ આ લક્ષ્યાંક ૨ કરોડ હતો. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં એક કરોડ મહિલાઓને કરોડપતિ બનાવવામાં આવી છે. યોજના હેઠળ મહિલાઓને ઉદ્યોગ સાહસિકતા, શિક્ષણ અથવા અન્ય જરૂરિયાતો માટે નાની લોન આપવામાં આવે છે.

## આ બજેટથી મને શું મળ્યું?

**: ખેડૂત :**

- ૪ કરોડ ખેડૂતોને PM પાક વીમા યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.
- PM કિસાન યોજનાથી ૧૧.૮ કરોડ લોકોને આર્થિક મદદ મળી છે.
- નાણામંત્રીએ કહ્યું– મત્સ્ય સંપદા યોજનાએ ૫૫ લાખ લોકોને નવી રોજગારી આપી.
- ૫ સંકલિત એક્વાપાર્ક સ્થાપવામાં આવશે
- NANO ડીએપીનો ઉપયોગ પાક પર કરવામાં આવશે.
- ડેરી ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવશે.
- ૧૩૬૧ બજારોને ચગફળચ સાથે જોડવામાં આવશે.
- સૂર્યોદય યોજના હેઠળ દર મહિને ૩૦૦ યુનિટ મફત વીજળી આપવામાં આવશે.

**: સ્ટુડન્ટ :**

- સ્કિલ ઈન્ડિયા મિશનમાં ૧.૪ કરોડ યુવાનોને તાલીમ આપવામાં આવી હતી. ૩૦૦૦ નવી ITI બનાવવામાં આવી.
- ત્રણ હજાર નવી ITI ખોલવામાં આવી છે. ૫૪ લાખ યુવાનોને તાલીમ આપવામાં આવી છે.

**: મહિલા-બુઝુર્ગ :**

- ૯–૧૪ વર્ષની છોકરીઓના રસીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- આંગણવાડીના કાર્યક્રમો ઝડપી કરવામાં આવશે.
- ૯ કરોડ મહિલાઓના જીવનમાં પરિવર્તન આવ્યું છે.

**: નોકરિયાત :**

- નાણામંત્રીએ કહ્યું– મત્સ્ય સંપદા યોજનાએ ૫૫ લાખ લોકોને નવી રોજગારી આપી.
- ૭૫ હજાર કરોડની લોન વ્યાજમુક્ત આપવામાં આવી છે.
- ૭ લાખની આવક ધરાવતા લોકો માટે કોઈ ટેક્સ ચૂકવવો નહીં પડે.
- આવકવેરાના સ્લેબમાં કોઈ ફેરફાર નહીં.
- નવા ફોર્મ ૨૬અજસાથે ટેક્સ ભરવાનું સરળ બન્યું છે.
- ૨૦૧૩–૧૪માં ૯૩ દિવસને બદલે હવે ૧૦ દિવસમાં રિફંડ કરો.

**: હેલ્થ :**

- સરકાર સર્વાઈકલ કેન્સર રસીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. માતૃ અને બાળ સંભાળ યોજનાઓને વ્યાપક કાર્યક્રમ હેઠળ લાવવામાં આવી.

**: રિયલ એસ્ટેટ :**

- સરકાર મધ્યમ વર્ગ માટે આવાસ યોજના લાવશે.
- આગામી ૫ વર્ષમાં ૨ કરોડ મકાનો બનાવવામાં આવશે. પીએમ આવાસ હેઠળ ૩ કરોડ મકાનો બનાવવામાં આવ્યા.
- લક્ષદ્વીપમાં નવા પ્રોજેક્ટ શરૂ થશે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ૧૧ ટકા વધુ ખર્ચ કરવામાં આવશે.
- પ્રવાસન ક્ષેત્રમાં વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવામાં આવશે.
- ભાડાના મકાનો, ઝૂંપડપટ્ટીઓ અને ગેરકાયદેસર મકાનોમાં રહેતા લોકોને નવું મકાન ખરીદવા અથવા બનાવવાની તક મળશે.

**: ઓટોમોબાઈલ :**

- ૪૦ હજાર સામાન્ય રેલ કોચને વંદે ભારતમાં રૂપાંતરિત કરવામાં આવશે.
- ત્રણ રેલ કોરિડોર શરૂ કરવામાં આવશે.
- પીએમ ગતિ શક્તિ યોજના હેઠળ કામ ઝડપી કરવામાં આવશે.
- માલવાહક પ્રોજેક્ટ પણ વિકસાવવામાં આવશે.
- એવિએશન કંપનીઓ એક હજાર એરક્રાફ્ટનો ઓર્ડર આપીને આગળ વધી રહી છે.
- બાયોફ્યુઅલ માટે સમર્પિત સ્કીમ લાવ્યા છે.
- જાહેર પરિવહન માટે ઈ–વાહનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- રેલવે–દરિયાઈ માર્ગને જોડવા પર પણ ભાર મૂકવામાં આવશે.
- ટાયર ૨ અને ટાયર ૩ શહેરોને હવાઈ માર્ગે જોડવામાં આવશે.
- ઈ–વાહનોને ચાર્જ કરવા માટે મોટા પાયે સ્થાપન કરવામાં આવશે. વિક્રેતાઓને કામ મળશે.

**: વેપારી :**

- ૧ લાખ કરોડનું ભંડોળ વ્યાજમુક્ત અથવા ઓછા વ્યાજ દરે વહેંચવામાં આવશે.

### કૃષિ ક્ષેત્રના વધુ વિકાસ માટે સરકાર જાહેર અને ખાનગી રોકાણને વધુ પ્રોત્સાહન આપશે

નવીદિલ્હી,

મોદી સરકારની બીજી ટર્મનું અંતિમ બજેટ નાણામંત્રી નિર્મલા સિતારમણે લોકસભામાં રજૂ કર્યું. જેમાં નાણાંમંત્રીએ સંબોધન કરતા કહ્યું કે,ખેડૂતો, ગરીબ, મહિલાઓ અને યુવાઓએ મોદી સરકારના ચાર સ્તંભ છે. જેમાં જગતના તાતની વાત કરીએ તો નાણામંત્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, ૩૮ લાખ ખેડૂતોને ઁસ સંપદા યોજનાનો લાભ મળ્યો અને ૧૦ લાખ રોજગારીની તકો ઉભી થઈ છે.

નાણામંત્રી નિર્મલા સિતારમણે કહ્યું કે, 'લણણી પછીના નુકસાનને રોકવા માટે પણ યોજનાઓ પર કામ કરવામાં આવી રહ્યું છે. કાપણી પછીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ખાનગી અને જાહેર ક્ષેત્રની ભાગીદારીને મજબૂત બનાવવાની નાણામંત્રીએ માહિતી આપી હતી. સ્વનિર્ભર તેલ બીજ અભિયાનને વધુ મજબૂત બનાવવાની સાથે કૃષિ ટેક્નોલોજી અને કૃષિ વીમાને પ્રોત્સાહન આપવામાં આવશે. આ સાથે જ ડેરી સાથે સંકળાયેલા ખેડૂતોને પણ

આ ઉપરાંત રાષ્ટ્રીય ગોકુલ મિશન જેવી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે અને મત્સ્ય સંસાધનોને પણ મજબૂત કરવામાં આવી રહ્યા છે. મત્સ્ય સંપદા યોજના દ્વારા ઉત્પાદકતા પ્રતિ હેક્ટર ત્રણથી પાંચ ટન સુધી વધારવામાં આવશે. ૫૫ લાખ નવી રોજગારીની તકો ઉભી થશે. કૃષિ માટે આધુનિક સ્ટોરેજ અને સપ્લાય ચેઈન પર ફોકસ કરવામાં આવશે. સરકાર ડેરી ખેડૂતોની મદદ માટે એક સ્કીમ લાવશે. નેનો ડીએપીનો ઉપયોગ તમામ ક્ષેત્રોમાં વધારવામાં આવશે. સીફૂડની નિકાસ બમણી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ઉપરાંત સરકાર ૫ સંકલિત એક્વા પાર્ક ખોલશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે અને સરકાર ગરીબોને સશક્ત બનાવી રહી છે. ૪ કરોડ ખેડૂતોને પાક વીમાનો લાભ મળ્યો છે. મફત રાશનથી ૮૦ કરોડ લોકોની અન્નની ચિંતાનો અંત આવ્યો. છેલ્લા ૧૦ વર્ષોમાં ૩૦ કરોડ મુદ્રા યોજના લોન મહિલા ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને ૭૦% મકાનો આપવામાં આવ્યા છે.

### યુવાનો મહિલાઓ, ખેડૂતો અને ગરીબોને ફાયદો થશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલ વચગાળાના બજેટની પ્રશંસા કરી હતી. પીએમ મોદીએ નાણામંત્રીને બજેટ માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે આ બજેટ વિકસિત ભારતને સમર્પિત છે.

પીએમ મોદીએ કહ્યું કે આ વચગાળાનું બજેટ વિકાસનો સમાવેશ કરતું છે.તેમાં સાતત્યની ખાતરી છે, તે વિકસિત ભારતના તમામ ૪ આધારસ્તંભો-યુવા, ગરીબ, મહિલાઓ અને ખેડૂતોને સશક્ત બનાવશે. આ બજેટ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની ખાતરી આપે છે. આ વિકસિત ભારત માટે સમર્પિત બજેટ છે.

વડાપ્રધાને કહ્યું- 'અમે એક મોટું લક્ષ્ય નક્કી કર્યું છે, તેને હાંસલ કરીએ છીએ અને પછી પોતાના માટે પણ એક મોટું લક્ષ્ય નક્કી કરીએ છીએ. અમે ગામડાઓ અને શહેરોમાં ગરીબો માટે ચાર કરોડથી વધુ મકાનો બનાવ્યા છે અને હવે અમે બે કરોડ વધુ મકાનો બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. અમે બે કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું લક્ષ્ય રાખ્યું હતું, હવે તેને વધારીને ૩ કરોડ કરી દીધું છે.

તેમણે કહ્યું આજે જાહેર કરાયેલ નવી આવકવેરા યોજના મધ્યમ વર્ગના એક કરોડ લોકોને મોટી રાહત આપશે. અગાઉની સરકારોએ દાયકાઓ સુધી સામાન્ય માણસના



માથા પર આ વિશાળ તલવાર લટકાવી રાખી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વચગાળાના બજેટ પર કહ્યું કે આજે આ બજેટમાં ખેડૂતો માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ અને મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. એનએએનઓ ડીએપીનો ઉપયોગ પ્રાણીઓ માટે નવી યોજનાઓ પીએમ મત્સ્ય સંપદા યોજનાનું વિસ્તરણ અને સ્વનિર્ભર તેલ બીજ અભિયાન ખેડૂતોની આવકમાં વધારો કરશે અને ખર્ચમાં ઘટાડો કરશે.

તેમણે કહ્યું કે આ બજેટ યુવા ભારતની યુવા આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. બજેટમાં બે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. સંશોધન અને નવીનતા પર ૧ લાખ કરોડ રૂપિયાનું ફંડ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. બજેટમાં સ્ટાર્ટઅપ માટે ઉપલબ્ધ કર મુક્તિના વિસ્તરણની પણ જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજકોષીય ખાધને અંકુશમાં રાખીને મૂડીખર્ચને ૧૧ લાખ ૧૧ હજાર ૧૧૧ કરોડ રૂપિયાની ઐતિહાસિક ઉચ્ચતમ સપાટી આપવામાં આવી છે.

## લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ગુનો : બાકરોલના પાંચ માથાભારે શખ્સોએ ટ્રસ્ટની મિલ્કતમાં

# ગેરકાયદેસર કબ્જો જમાવી મકાન અને મંદિર બનાવી દીધું, પોલીસે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

બાકરોલ,

બાકરોલના પાંચ માથાભારે શખ્સોએ પોતાની માલિકીની મિલ્કત એક ટ્રસ્ટને વેચ્યાં બાદ તે મિલ્કત ઉપર જ ગેરકાયદેસર કબ્જો જમાવી તેમાં ગેરકાયદેસર રીતે પાકુ મકાન અને મંદિર બનાવી દેતાં મામલો પોલીસ મથકમાં પહોંચ્યો છે. આ અંગેપોલીસે આ અંગે લેન્ડ ગ્રેબીંગ એક્ટ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ તાલુકાના બાકરોલ ખાતે સોરઠીયા પ્રજાપતિ સમાજનું એક ટ્રસ્ટ કાર્યરત છે. આ શ્રી સોરઠીયા પ્રજાપતિ કલ્યાણ ટ્રસ્ટ ગરીબ વિદ્યાર્થીઓને નોટો-ચોપડા વિતરણ, મેડીકલ સહાય, કુદરતી આફતો સમયે અનાજની કીટોનું વિતરણ તથા નબળા પરિવારને આર્થિક સહાય વિગરે સમાજસેવાનું કામ કરે છે. આ ટ્રસ્ટના પ્રમુખ તેમજ કમીટીના સભ્યોએ ઓગણીસ વર્ષ અગાઉ બાકરોલમાં રેવન્યુ સર્વે નંબર ૨૬૦૮ વાળી બિન ખેતીલાયક જમીન પૈકી ૩૬૧.૩૧ ચો.મી. જમીન અને તેમાં બાંધવામાં આવેલ મકાન સહિતની મીલ્કત હરમાનભાઇ શનાભાઇ પરમાર, રામાભાઈ શનાભાઇ પરમાર, કમલેશભાઈ




ભાઈલાલભાઈ પરમાર, રેવાબેન પ્રભાતભાઇ પરમાર, પિન્ટુકુમાર પ્રભાતભાઈ પરમાર, નિમેષકુમાર પ્રભાતભાઈ પરમાર, સુભાષભાઈ પ્રભાતભાઈ પરમાર, દીવાળીબેન રઈજીભાઇ પરમારના અને સંતોષબેન રઈજીભાઈ પરમાર (તમામ રહે. દર્શન સોસાયટી, બાકરોલ) તથા તેમની દીકરીઓ મળી કુલ ૧૬ ખાતેદારો પાસેથી ખરીદી હતી અને રૂપિયા ૩,૫૬,૨૦૦ ચુકવી તેનો વેચાણ દસ્તાવેજ કરાવ્યો હતો. જે બાદ આ વેચાણ દસ્તાવેજ ના આધારે આ જમીનના ૭/૧૨ રેકર્ડમાં શ્રી સોરઠીયા પ્રજાપતિ કલ્યાણ ટ્રસ્ટ બાકરોલ (વલ્લભવિદ્યાનગર) ના પ્રમુખ લખમણહીરજી ભરડવાનું નામ દાખલ કરાવી, જમીનનો કબ્જો મેળવ્યો હતો.

શરૂઆતના આઠેક વર્ષ સુધી આ મિલ્કતમાં શ્રી સોરઠીયા પ્રજાપતિ કલ્યાણ ટ્રસ્ટની ઓફિસ ચાલતી હતી. જોકે, છેલ્લા પાંચેક વર્ષેથી હરમાનભાઈ શનાભાઈ પરમાર, રામાભાઈ શનાભાઈ પરમાર, પિન્ટુકુમાર પ્રભાતભાઈ પરમાર, નિમેષકુમાર પ્રભાતભાઈ પરમાર, સુભાષભાઈ પ્રભાતભાઈ પરમાર એ ટ્રસ્ટની આ મિલ્કતમાં ગેરકાયદેસર કબ્જો જમાવી, ટ્રસ્ટનું બોર્ડ પણ ઉતારી ફેંકી દીધેલ છે. તદુપરાંત તેઓ દ્વારા ટ્રસ્ટના પ્રમુખ સહિતના હોદ્દેદારોને આ મિલ્કતમાં પેસવા દેતા નથી અને ‘‘આ મિલ્કત તમારી નથી, અહી કોઇ મીટીંગ કરવી નહી, કોઇ સેવા કરવા માટે આવવું નહી‘‘ તેમ કહી, મારવાની ધમકીઓ આપી ભગાડી મુકે છે. તેમજ હરમાનભાઇ શનાભાઇ પરમારે આ ટ્રસ્ટની જમીનમાં ગેરકાયદેસર રીતે પાકું ચણતર કરી મકાન તથા ખોડીયાર માતાજીનું મંદિર પણ બનાવી દીધું છે.

જેથી ટ્રસ્ટના હોદ્દેદારોએ આ અંગે જીલ્લા લેન્ડ ગ્રેબીંગ કમિટીમાં અરજી કરી હતી. આ અરજીની તપાસમાં હરમાનભાઈ પરમાર, રામાભાઈ પરમાર, પિન્ટુભાઈ પરમાર, નિમેશભાઈ પરમાર અને સુભાષભાઈ પરમારે જમીન પચાવી પાડી હોવાનું પ્રથમ દ્રષ્ટિએ ફલીત થતુ હોઇ તેમની વિરૂદ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાનો હુકમ ડીસ્ટ્રીકટ લેન્ડ ગ્રેબીગ કમિટી અને નિવાસી અધિક કલેકટર, આણંદ દ્વારા કરવામાં આવ્યો છે. જે મુજબ શ્રી સોરઠીયા પ્રજાપતિ કલ્યાણ ટ્રસ્ટ ના માનદ મંત્રી વિઠ્ઠલભાઈ નાથાભાઈ ચાંડેગરાએ વિદ્યાનગર પોલીસ મથકમાં આ પાંચેય વિરૂદ્ધ ફરીયાદ આપી છે. જેના આધારે પોલીસે લેન્ડ ગ્રેબીંગ એકટમુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહીસાગર કલેક્ટરની બદલી થતાં લુણાવાડા ખાતે વિદાય સમારંભ યોજાયો




મહીસાગર,

મહીસાગર જીલ્લાના કલેકટર ભાવિન પંડયાની જામનગર કલેકટર તરીકે બદલી થતાં તેમના માનમાં વિદાય સમારંભનું આયોજન ગઈ કાલે સાંજે લુણાવાડા ફોર સીઝન હોટલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જીલ્લા વહીવટી તંત્ર દ્વારા વિદાય લઈ રહેલા કલેક્ટર ભાવિન પંડ્યાને ફળ, સાકર આપી શાલ ઓઢાડી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે પૂર્વ કલેક્ટર ભાવિન પંડયા પોતાના કાર્યકાળના સંસ્મરણો વાગોળતા જણાવ્યું કે, મહીસાગર જીલ્લાની લાગણીશીલ પ્રજાને નતમસ્તક વંદન કરી અહીંથી વિદાય લઇ રહ્યો છું. આ જીલ્લાના લોકો સરકારી તંત્રને ખૂબ આદર અને સન્માન આપે છે. આ જીલ્લામાં કામ કરવાના આત્મસંતોષ સાથે અહીંથી જઇ રહ્યો છું.

આ વિદાય સમારંભમાં જીલ્લા વિકાસ અધિકારી, અધિક નિવાસી કલેકટર, પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, વિવિધ વિભાગના અધિકારીઓ, મહેસૂલી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જીલ્લા કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ તરીકે કાર્યભાર (હવાલો) સંભાળતા નેહા કુમારી

લુણવાડા,

મહીસાગર જીલ્લા કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ તરિકે નિમણૂંક થતા નેહા કુમારીએ કાર્યભાર (હવાલો) સંભાળી લીધેલ છે. નેહા કુમારી આ અગાઉ મહીસાગર જીલ્લા વિકાસ અધિકારી રહી ચૂક્યાં છે. તેથી મહીસાગરની ભૌગોલિક પરિસ્થિતિથી સારી રીતે વાકેફ છે. જેનો લાભ જીલ્લાને ચોક્કસ મળશે. તેમની જીલ્લાની પરિચિતતાથી જીલ્લાના નિર્ણયોમાં ચોક્કસ ઝડપ આવશે અને વહીવટી કામમાં ગતિશીલતા જોવાં મળશે. ભારતીય સનદી સેવાઓમાં સને-૨૦૧૫ ની સાલમાં પસંદગી પામેલા નેહા કુમારીએ આ પહેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નાયબ



મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્યરત હતા. અગાઉ મહીસાગર તેમજ દાહોદ જીલ્લા વિકાસ અધિકારી તરીકે પણ સેવારત રહી ચૂક્યા છે. નેહાકુમારી ઝારખંડના વતની અને બી.ઈ ઈલેક્ટ્રીકલ/ ઈલેક્ટ્રોનિક્સ ની પદવી ધરાવતા મહેનતૂ અને ઉત્સાહી સનદી અધિકારી હોવાથી મહીસાગર જીલ્લાને તેમની વિશિષ્ટ સેવાઓનો પણ વિશેષ લાભ મળી રહેશે.

## ખેડા જીલ્લા કલેક્ટર તરીકે પદભાર સંભાળતા અમિત પ્રકાશ યાદવ

ખેડા,

ખેડા જીલ્લાના કલેકટર કે.એલ.બચાણીની માહિતી નિયામક તરીકે બદલી થતા આજે ખેડા જીલ્લાના નવ નિયુક્ત કલેકટર અમિત પ્રકાશ યાદવને અધિક નિવાસી કલેકટર બી.કે.જોશી અને પ્રાંત અધિકારી સહિત જીલ્લા વહિવટી તંત્રના અધિકારીઓ એ



આવકર્યા હતા.

કલેક્ટર અમિત પ્રકાશ યાદવ મૂળ ઉતરપ્રદેશ વતની છે, તેઓ વર્ષ ૨૦૧૩ના સનદી અધિકારી છે. તેઓ સહજ સ્વભાવ ધરાવે છે. યાદવે આણંદમાં જીલ્લા વિકાસ અધિકારી તરીકે તેમજ કલેકટર નવસારી તરીકે ઉત્તમ કામગીરી બજાવી છે. આજે તેઓએ ખેડા જીલ્લા કલેકટર તરીકે પદભાર સંભાળી લીધો છે.

## બાલાસિનોર વેસ્ટ કેમિકલ ડમ્પીંગ સાઈટ બંધ કરાવવા સરપંચ એસોસિએશન દ્વારા આવેદન પત્ર અપાયું

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાના બોડેલી ગ્રામપંચાયત વિસ્તારમાં આવેલા જમિયતપુરાની સીમમાં વેસ્ટ કેમિકલ ડમ્પીંગ સાઈડ આવેલી છે. જેમાં ગુજરાત ભરમાંથી વિવિધ કેમિકલ કંપનીઓમાંથી વેસ્ટ કેમિકલ લાવીને આ સાઈડમાં ડમ્પ કરવામાં આવે છે. ત્યારે બાલાસિનોર સરપંચ એસોસિએશન દ્વારા મામલતદાર ને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.



તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

પ્રાપ્ત વિગતો અનુસાર સરપંચ એસોસિયેશન બાલાસિનોર દ્વારા આપેલ આવેદનપત્રમાં જણાવવામાં આવી છે કે બોડોલી ગ્રામ પંચાયતના જમિયતપુરાની સીમમાં મેસર્સ મોરિયા એન્વાયરમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા હાલ ઝેરી કેમિકલ વેસ્ટ ડમ્પિંગ કરવાથી આસપાસના વિસ્તારોમાં કુવામાં રહેલા પાણી ખેતી પશુપાલન તેમજ પીવાના માટે હાનિકારક સાબિત થયેલ છે. જયારે બાલાસિનોર તાલુકાના સરપંચો દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે આ ડમ્પીંગ સેટ ને કાયમી ધોરણે બંધ કરવામાં આવે પાંચ કંપની સામે કાર્યવાહી કરવામાં આવે જો આ કંપની બંધ નહીં કરવામાં આવે તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે તેમજ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. જયારે બાલાસિનોરના મામલતદાર રાકેશભાઈ વાઘેલા દ્વારા ખાલી ધોરણે કુવાઓના પાણી ચેક કરવા માટે વિભાગોને જાણ કરવામાં આવી છે.

## લુણાવાડા પાનમ બ્રિજ પર જોખમી બાઈક સ્ટંટ કરી વીડિયો વાયરલ કરતા યુવાનને પોલીસે ઝડપ્યો

મલેકપુર,

મહિસાગર જિલ્લા મથક લુણાવાડાના એક યુવાને સોશિયલ મીડિયામાં જોખમી સ્ટંટ કરતા વીડિયો અપલોડ કર્યો હતો. જે વાયરલ થતાં અને પોલીસના ધ્યાને આવતા પોતાની અને અન્યોની જીંદગીને જોખમમાં મુકનાર આ યુવાનને જિલ્લા એલસીબી પોલીસે ઝડપી લીધો હતો.

લુણાવાડામાં થોડા સમય પહેલા સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં એક બાઈક ચાલક યુવાન લુણાવાડાના પાનમ બ્રિજ પર ચાલુ બાઈક ઉપર ઉભા થઈ બાઈકનુ આગળનુ વ્હિલ ઉંચુ કરી પુરઝડપે હંકારી જઈ રહ્યો હતો. જેને લઈને રસ્તે જતાં અન્ય વાહન ચાલકોની તેમજ રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતેના સ્ટંટથી અન્ય વાહનચાલકો પણ ચોંકી ઉઠ્યા હતા. આ વીડિયો મ!સાગર જિલ્લા પોલીસને ધ્યાને આવતા જિલ્લા એલસીબી પોલીસે આ વીડિયોની તપાસ કરતા આ બાઈક ચાલક ઓમગીરી રમણગીરી ગોસાઈ(રહે.વસંત સાગર તળાવ, લુણાવાડા)હોવાનુ જણાતા પોલીસે તેને ઝડપી પાડી તેની વિરુદ્ધ લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## હેમંત સોરેન ’દાઝ્યા’, EDની તપાસની ગરમી બીજા અનેક નેતાઓ સુધી પહોંચી ? આ યાદી ઘણી લાંબી છે

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ... તે તપાસ એજન્સી જેના નામથી જ લોકોને પરસેવો છૂટી જાય છે. કોઈપણ રાજ્યના મુખ્યમંત્રી હોય કે પ્રખ્યાત ઉદ્યોગપતિ, ઈડીના રડાર પર આવતાની સાથે જ તે ગભરાઈ જાય છે. બુધવારે ઈડીએ ઝારખંડના સીએમ હેમંત સોરેનની ધરપકડ કરી હતી. આ ધરપકડ મની લોન્ડરિંગ સંબંધિત કેસમાં થઈ છે જેની તપાસ ઈડી દ્વારા કરવામાં આવી રહી છે. સોરેનની ધરપકડના કારણે અનેક રાજકીય નેતાઓના હૃદયના ધબકારા વધી ગયા છે. કેમ નહીં, ઈડીએ રાજકારણના ઘણા અગ્રણી ચહેરાઓ સામે તપાસ શરૂ કરી છે. આ ચહેરાઓમાં કેટલાક સીટીંગ સીએમ છે તો કેટલાક પૂર્વ સીએમ છે.

એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે બુધવારે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને પાંચમું સમન્સ મોકલ્યું હતું. કેજરીવાલને એક્સાઇઝ પોલિસી મામલામાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. સેન્ટ્રલ ઇન્વેસ્ટિગેશન એજન્સીનો આરોપ છે કે નવી એક્સાઇઝ પોલિસી દ્વારા ખાનગી ખેલાડીઓને ફાયદો થયો હતો. ઈડી અનુસાર, આ ખાનગી ખેલાડીઓએ ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ પણ આપી હતી. અત્યાર સુધી કેજરીવાલ ઈડીના સમન્સની અવગણના કરી રહ્યા છે.



ઈડી છત્તીસગઢના પૂર્વ સીએમ ભૂપેશ બઘેલ વિરુદ્ધ ઓછામાં ઓછા ત્રણ કેસની તપાસ કરી રહી છે. આ મામલા કોલસાના પરિવહન, દારૂની દુકાનોના સંચાલન અને મહાદેવ ગેમિંગ એપ સાથે સંબંધિત છે. બિહારના પૂર્વ સીએમ લાલુ પ્રસાદ યાદવ અને રાબડી દેવી, તેમના પુત્ર અને પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ પણ ઈડીના સ્કેનર હેઠળ છે. આ ત્રણેય કથિત આઈઆરસીટીસી કૌભાંડ અને લેન્ડ ફોર જોબ્સ કેસમાં મુખ્ય આરોપી છે. ૨૦૧૭નો આઈઆરસીટીસી કેસ એ સમયગાળા સાથે સંબંધિત છે જ્યારે લાલુ રેલવે પ્રધાન હતા. આરોપ છે કે આઈઆરસીટીસીની બે હોટલના સંચાલન માટે એક કંપનીને લાભ આપવામાં આવ્યો હતો. ૨૦૨૨માં લાલુ પરિવાર સામે નોંધાયેલ નોકરી માટે જમીનનો કેસ રેલવેમાં નોકરીના બદલામાં પ્લોટ લેવા સંબંધિત છે.

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, તેમના નાયબ સચિન પાયલટ અને કોંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમનું નામ ’રાજસ્થાન એમ્બ્યુલન્સ કૌભાંડ’ કેસમાં સામે આવ્યું છે. આ મામલો ૧૦૮ એમ્બ્યુલન્સ ચલાવવા માટે ૨૦૧૦માં ઝિકિત્ઝા હેલ્થકેરને ગેરકાયદેસર રીતે આપવામાં આવેલા કોન્ટ્રાક્ટ સાથે સંબંધિત છે. પાયલોટ અને ચિદમ્બરમ આ કંપનીના ડિરેક્ટર રહી ચૂક્યા છે.

ઈડીએ માનેસર જમીન સોદા કેસમાં હરિયાણાના પૂર્વ સીએમ ભૂપિન્દર સિંહ હુડ્ડાને રડાર પર રાખ્યા છે. આ ઉપરાંત, પંચકુલામાં એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડને જમીન ફાળવણીમાં પણ ગેરરીતિનો મામલો સામે આવ્યો છે. એજેએલ કેસમાં ઈડીએ હુડ્ડા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મોતીલાલ વોરા વિરુદ્ધ કાર્યવાહીની ફરિયાદ દાખલ કરી છે.

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પણ સીબીઆઈ અને ઈડીની તપાસનો સામનો કરી રહ્યા છે. માઈનિંગ કોન્ટ્રાક્ટ સિવાય અખિલેશ પર ગોમતી રિવર ફ્રન્ટ પ્રોજેક્ટમાં ગેરરીતિનો આરોપ છે. પૂર્વ યુપી સીએમ અને બીએસપી ચીફ માયાવતી સીધા ઈડી તપાસના દાયરામાં નથી. જો કે તેમના કાર્યકાળ દરમિયાનની તમામ યોજનાઓ અને યોજનાઓની તપાસ ચાલી રહી છે.

ઈડીએ એપ્રિલ ૨૦૨૧માં કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ તપાસ શરૂ કરી હતી. આ કેસ ૧૯૯૫ના કથિત કેરળ હાઈડ્રોપાવર કૌભાંડ સાથે સંબંધિત છે. તે સમયે વિજયન રાજ્યના ઉર્જા મંત્રી હતા. સીબીઆઈએ ૨૦૦૮માં વિજયન વિરુદ્ધ આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

તેલંગાણાના નવા સીએમ રેવંત રેડ્ડી પણ મની લોન્ડરિંગ માટે ઈડીની તપાસનો સામનો કરી રહ્યા છે. રેડ્ડીપર ૨૦૧૫માં એમએલસી ચૂંટણી દરમિયાન નામાંકિત ધારાસભ્યના મત મેળવવા માટે ૫૦ લાખ રૂપિયાની લાંચ આપવાનો આરોપ છે. તે સમયે રેડ્ડી વિધાનસભામાં ટીડીપીના ફ્લોર લીડર હતા.આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડી યુપીએના સમયથી ઘણા કેસોમાં તપાસ હેઠળ છે. ૨૦૧૫માં, ઈડીએ તેમની વિરુદ્ધ પીએમએલએ હેઠળ કેસ નોંધ્યો હતો. આ મામલો વૈશ્વિક કંપની ભારતી સિમેન્ટ્સની નાણાકીય બાબતો સાથે સંબંધિત છે.

એનસીપીના વડા શરદ પવાર અને ભત્રીજા અજિત પવાર પણ મની લોન્ડરિંગ કેસમાં ઈડીની તપાસનો સામનો કરી રહ્યા છે. અજિત પવાર હાલ મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ છે. બંને પર મહારાષ્ટ્રની સહકારી બેંક ચલાવવામાં ગેરરીતિનો આરોપ છે.જમ્મુ અને કાશ્મીરના પૂર્વ સીએમ બીસીસીઆઈ દ્વારા જમ્મુ અને કાશ્મીર ક્રિકેટ એસોસિએશનને આપવામાં આવેલી ગ્રાન્ટમાં કથિત અનિયમિતતા સંબંધિત ફારુક અબ્દુલ્લા વિરુદ્ધ તપાસ ચાલી રહી છે.અબ્દુલ્લાના પુત્ર અને પૂર્વ જમ્મુ કાશ્મીરના સીએમ ઓમર અબ્દુલ્લાની પણ ૨૦૨૨ માં ઈડી દ્વારા મની લોન્ડરિંગના સંબંધમાં પૂછપરછ કરવામાં આવી હતી. તે કેસ જમ્મુએન્ડકાશ્મીર બેંકની નાણાકીય બાબતો અને તેના ડિરેકટરોની નિમણૂક સાથે સંબંધિત છે.ઉમરની જેમ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતી પણ જમ્મુએન્ડકાશ્મીર બેંક કેસમાં તપાસ હેઠળ છે. દરોડા દરમિયાન મળી આવેલી બે ડાયરીઓમાં કથિત રીતે મુફતી પરિવારને ચૂકવણીનો ઉલ્લેખ છે. ૨૦૧૯માં સીબીઆઈએ અરુણાચલ પ્રદેશના પૂર્વ સીએમ નબામ તુકી સામે કથિત ભ્રષ્ટાચારનો કેસ નોંધ્યો હતો.સીબીઆઈ એફઆઈઆરના આધારે ઈડી હવે મની લોન્ડરિંગના આરોપોની તપાસ કરી રહી છે.

નવેમ્બર ૨૦૧૯માં સીબીઆઈએ મણિપુરના પૂર્વ સીએમ ઓકરામ ઈબોબી સિંહના ઘરે દરોડા પાડ્યા હતા. આ મામલો મણિપુર ડેવલપમેન્ટ સોસાયટીમાં ૩૩૨ કરોડ રૂપિયાના કથિત ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે. તે સમયે ઈબોબી સોસાયટીના ચેરમેન હતા.સીબીઆઈ કેસના આધારે ઈડીએ પીએમએલએ હેઠળ કેસ નોંધ્યો હતો અને તપાસ ચાલી રહી છે.

વિપક્ષ સતત પીએમ નરેન્દ્ર મોદીની સરકાર પર કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગનો આરોપ લગાવી રહ્યો છે. બુધવારે સોરેનની ધરપકડ બાદ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું હતું કે, "ઈડી સીબીઆઈ વગેરે હવે સરકારી એજન્સીઓ નથી રહી, હવે તેઓ ભાજપની ’વિરોધી સેલને ખતમ’ કરી નાખે છે. ભાજપ પોતે જ ભ્રષ્ટાચારમાં ડૂબેલી છે, સત્તાથી ગ્રસ્ત છે." લોકશાહીનો નાશ કરવાની ઝુંબેશ ચલાવી રહી છે."

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : સ્વાસ્થ્ય બાબતે સાચવીને કામ કરવું તેમજ ખોટા નિર્ણયો નુકસાન કરાવશે અને નાણાકીય વ્યવહારમાં સાચવવું, પરિવારના કામમાં ધ્યાન આપવું.

વૃષભ (બ.વ.ઉ.) : સંતાનના સ્વાસ્થ્યમાં કાળજી રાખવી તેમજ કામકાજમાં અપજશથી બચવું અને આવકના પ્રમાણમાં જાવક વધશે, કોઈપણ કામમાં બંધાયેલા રહેશો.

મિથુન (ક.છ.ઘ.) : આકસ્મિક ધનલાભના યોગો જણાય છે તેમજ લાંબા રોકાણ માટે સમય સાચવવા જેવો છે અને પરિવારનો ભરપૂર સહયોગ મળશે, મહેનતના પ્રમાણમાં સામાન્ય ફળ મળશે.

કર્ક (ડ.હ.) : વડીલોના આશીર્વાદથી લાભ થશે તેમજ કોઈ નજીકના સંબંધીથી સહયોગ મળશે અને ધંધામાં સારી આવક પ્રાપ્ત થશે તેમજ વાહનના યોગ સારા બને છે.

સિંહ (મ.ટ) : ભાગ્યોદય માટે ઉજળી તક મળશે અને નિર્ણયો સમજી-વિચારીને લેવા અને મિત્રો સાથે થોડો મતભેદ જણાશે, મુસાફરીના યોગ જણાય છે.

કન્યા (પ.ઠ.ણ.) : આરોગ્ય બાબતે સાચવવું તેમજ પ્રતિસ્પર્ધીથી સાવધાન રહેવું અને કોઈપણ રોકાણોમાં કાળજી રાખવી તેમજ નોકરીયાતને કામમાં મહેનત વધશે.

તુલા (ર.ત.) : ભાગીદારીવાળા કામથી લાભ થશે અને ધંધાકીય વ્યવહારોમાં લાભ થશે તેમજ દામ્પત્ય જીવનમાં ચણભણ રહેશે અને લેવડ-દેવડમાં કાળજીથી કામ લેવુ.

વૃશ્ચિક (ન.ય.) : રોગ અને શત્રુ તરફથી સાવધાન રહેવું તેમજ શેરબજારમાં સારો લાભ થશે અને વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે તેમજ યાત્રા-પ્રવાસના યોગ બને છે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : બૌદ્ધિકોને મહેનતનું પરિણામ મળશે તેમજ વ્યવસાયમાં નવી તકો મળશે અને સમય આપને અનુકૂળ બનશે અને કામની કદર થાય, માન વધે.

મકર (ખ.જ.) : માતાની સેવાથી લાભ થાય તેમજ પરિવાર સાથે પ્રેમ કેળવાય અને સારા કામમાં યાત્રાનું આયોજન થાય તેમજ ખોટા ખર્ચમાં વધારો થશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : ઘરમાં વડીલોથી ઉત્તમ લાભ થશે તેમજ સંપત્તિને લગતા કાર્યોમાં સહયોગ મળશે અને વ્યવસાયમાં સામાન્ય સમસ્યાઓ રહેશે તેમજ કરેલી મહેનત સારું ફળ આપશે.

મીન (દ.ચ.ઝ.થ.) : ધનનું સારું સુખ મળશે તેમજ પરિવારમાં તણાવ રહેશે અને નાના-મોટા રોકાણમાં લાભ થશે, જમીનને લગતા કામમાં ફાયદો થશે.

# દાહોદ જીલ્લા કલેક્ટર તરીકે પદભાર સંભાળતા યોગેશ નિરગુડે બદલી પામનારા ડો. હર્ષિત ગોસાવીએ તેમને સૌજન્યતાપૂર્ણ રીતે કલેક્ટર કચેરીમાં આવકાર્યા

દાહોદ,

કલેક્ટર યોગેશ નિરગુડે એ આજે પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. બદલી પામનારા ડો.હર્ષિત ગોસાવીએ તેમને સૌજન્યતાપૂર્ણ રીતે કલેક્ટર કચેરીમાં આવકાર્યા હતા અને ચાર્જ સોંપ્યો હતો.

યોગેશ નિરગુડે મૂળ મહારાષ્ટ્રના વતની છે તેઓ ભારતીય સનદી સેવામાં જોડાયા છે. તેઓ મિતભાષી સ્વભાવ ધરાવે છે. દાહોદ કલેક્ટર પદે નિયુક્તિ પૂર્વે તેઓ અમરેલી ખાતે ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ ઓફિસર તરીકે, ભાવનગર ખાતે રીજીનલ કમિશનર તરીકે તેમજ ભાવનગરમાં જ કલેક્ટર તરીકે સેવા આપી હતી. આ ઉપરાંત તેઓએ નિયામક આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગર અને ભાવનગર ખાતે મ્યુનિસિપલ કમિશનર તરીકે સેવા આપી હતી. છેલ્લે તેમણે, ગૃહવિભાગમાં સેવાઓ આપી પોતાની ફરજ નિભાવી છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પોતાના આટલા કાર્યકાળની સેવા દરમ્યાન તેઓની હવે દાહોદ જીલ્લા કલેક્ટર તરીકે નિમણુંક થતાં તેઓએ આજે દાહોદ જીલ્લાનો ચાર્જ હાથમાં લીધો. કલેક્ટરના આગમન સાથે પૂર્વ કલેક્ટર ડો.હર્ષિત ગોસાવી તેમજ જીલ્લા પોલીસ અધિક્ષક ડો રાજદીપસિંહ ઝાલા,પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા,એ.એસપી. કે સિદ્ધાર્થ, એ.એસપી. બીશાખા જૈન,નિવાસી અધિક કલેક્ટર એ.બી.પાંડોર, નાયબ જીલ્લા પોલીસ અધિક્ષક સહિત પ્રાંત અધિકારીઓ સહિત અધિકારીઓએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

## દાહોદ જીલ્લામાં બે અલગ અલગ સ્થળેથી બે સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લામાં બે જુદી જુદી જગ્યાએથી બે સગીરાઓના યુવકો દ્વારા લગ્નની લાલચે અપહરણ કરી લઈ નાસી જતાં જેતે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળે છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના નવાગામ ખાતે બનાવ પામ્યો હતો. જેમાં ગત તા.૨૬મી ડિસેમ્બરના રોજ દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે માળી ફળિયામાં રહેતો માઈકલભાઈ દિલીપભાઈ નિનામાએ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરા અપહરણનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ફાગીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૨ જાન્યુઆરીના રોજ ફાગીયા ગામે હોળી ફળિયામાં રહેતો અંકેશભાઈ દીલીપભાઈ નાયકે દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૪ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના મેધા GIDC ખાતે વેપારીના અનાજ ગોડાઉન માંથી તાળું તોડી ૧૮ કટ્ટા મકાઈની ચોરી કરી

દાહોદ,

દાહોદ તાલુકાના મેધા જીઆઈડીસી ખાતે આવેલ એક વેપારીના અનાજના ગોડાઉનમાં અજાણઅયા ચોર ઈસમોએ ગોડાઉનનું તાળુ તોડી અંદરથી મકાઈના કટ્ટા નંગ.૧૮ કિંમત રૂા.૨૫,૦૦૦ની મત્તાની ચોરી કરી નાસી ગયાંનું જાણવા મળે છે.

ગત તા.૨૬મી જાન્યુઆરીના રોજ દાહોદ શહેરના ગોદી રોડ ખાતે રહેતાં અને દાહોદ તાલુકાના ખરેડી ગામે આવેલ મેગા જીઆઈડીસીમાં અનાજનું ગોડાઉન ધરાવતાં ઈબ્રાહીમ બાકીરભાઈ મીસ્ટરના ગોડાઉનમાં રાત્રીના સોઈ પણ સમયે અજાણ્યા ચોર ઈસમો ગોડાઉનને નિશાન બનાવ્યું હતું અને ગોડાઉનના દરવાજાનું તોળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ગોડાઉનમાંથી મકાઈના કટ્ટા નંગ.૧૮ કિંમત રૂા.૨૫,૦૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે ઈબ્રાહીમ બાકીરભાઈ મીટસ્ટર દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ તાલુકાના વાંદરીયા ગામે દિપડાએ એક વ્યકિત ઉપર હુમલો કરતાં ઈજાઓ સારવાર માટે ખસેડાયો



દાહોદ,

દાહોદ તાલુકાના મોટા વાંદરિયા ગામે એક વ્યક્તિ પર દિપડાએ અચાનક હુમલો કરતાં વ્યક્તિને શરીરે ઈજાઓ પહોંચવા પામી હતી. જેને પગલે દિપડાના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલ વ્યકિતને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

તા.૩૧મી જાન્યુઆરીને બુધવારના રોજ સવારના આઠેક વાગ્યાના આસપાસ દાહોદ તાલુકાના મોટા વાંદરિયા ગામના પટેલ ફળીયામાં રહેતા અરવિંદભાઈ સંગાડા જે પોતાના ઘરની બહાર બેઠા હતા. ત્યારે એમના નજીકથી શ્વાનના બચ્ચાંઓની અવાજ સંભળાતા અરવિંદભાઈ ત્યાં જઈ જોતા દીપડો જોવાતા શ્વાનના બચ્ચાંઓના પાછળ પડ્યો હતા. જેને બચાવવા જતા દીપડાએ અરવિંદભાઈ પરજ હુમલો કરી તેમને શરીરે હાથ, પગે તેમજ મોઢાના ભાગે ઈજાઓ પોહચાડી હતી. દિપડાના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલ અરવિંદભાઈએ બુમાબુમ કરતા ઘરમાં હાજર પરિવારજનો દોડી આવી આવ્યાં હતાં અને દીપડાને ભગાડી મુક્યો હતો. ત્યારે ગંભીર રીતે દીપડાના હુમલાથી ઈજાગ્રસ્ત અરવિંદભાઈને સારવાર માટે દાહોદના ઝાયડ્સ હોસ્પિટલ લવાયા જયાં ઝાયડસ હોસ્પિટલના હાજર તબીબોએ દીપડાના હુમલાથી ઈજાગ્રસ્ત અરવિંદભાઈ સંગાડાની તાત્કાલીક સારવાર કરી હતી. દિપડાના હુમલાને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

## EMRI ગ્રીન હેલ્થ સર્વિસ ૧૦૮ ની ટીમે સગર્ભા મહિલાની એમ્બ્યુલન્સમાં સફળ પ્રસૂતી કરાવી

દાહોદ,

દાહોદના ઝરી બુઝર્ગ ગામના સ્થાનિક સગર્ભા મહિલાને પ્રસુતિ ની પીડા ઉપડતાં ૧૦૮ની મદદ લેવામાં આવી હતી. ૧૦૮ની ટીમ તાત્કાલિક ઝરી બુઝર્ગ ગામે પહોંચી સગર્ભા મહિલાને તપાસતા સગર્ભાને પ્રસુતિનુ અસહ્ય દુઃખાવો હોવા છતાં ૧૦૮ની ટીમે સફળતા પુર્વક જોખમી પ્રસૂતી કરાવી માતા અને નવજાત બાળકને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

ઝરી બુઝર્ગ ગામમાં રહેતી એક સગર્ભા મહિલાને પ્રસૂતાની પીડા ઉપડતા તેમને ૧૦૮ની મદદ લેવામાં આવી હતી. ઈ એમટી અજીત બેલદર અને પાયલટ ગણેશભાઈ ચાવડા પંચવાડા ૧૦૮ની ટીમ તાત્કાલિક ઝરી બુઝર્ગ ગામે પહોંચી સગર્ભા મહિલાને તપાસતા મહિલાને ખુબ જ પીડા હોવાથી એમ્બ્યુલન્સમાં ડિલિવરી કરાવવાની જરૂર પડી હતી અને બાળકના ગળે નાળ વીંટળાયેલ હોવાથી આ પ્રસુતા માતા ખૂબ જ જોખમી હોવાથી સગર્ભા મહિલા દર્દીની ઈ.એમ.ટી અજીત ભાઈ દ્વારા ઈમરજન્સી ફીઝિશિયનની સલાહ મુજબ સફળતા પૂર્વક પ્રસૂતિ કરવામાં આવી હતી. નવજાત બાળકને શ્વાસ લેવામાં તકલીફ હોવાના કારણે કૃત્રિમ રીતે શ્વાસ આપીને જીવન રક્ષણ કરવામાં આવ્યા. ત્યારબાદ માતા અને નવજાત બાળકને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ગરબાડા સરકારી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. આ તકે દર્દીના પરિવારજનોએ ૧૦૮ના સ્ટાફની કામગીરીને બિરદાવી હતી.

## દાહોદના ડાન્સ કલાકારને બેસ્ટ ડાન્સ ટીચર થી સન્માન કરાયાં



દાહોદ,

તારીખ ૩૦ જન્યુઆરીના રોજ દાહોદના ડાન્સ કલાકાર ઉમેશ મહાવરને થાંદલા મધ્યપ્રદેશની સ્કૂલ ન્યૂ હિમાલીયા એજ્યુકેશન એકેડેમીએ કર્યો બેસ્ટ ડાન્સ ટીચરના અવોર્ડ થી સમ્માન, ગણતંત્ર દિવસના ઉપલક્ષમા દર વર્ષે થાંદલામા ઈન્ટર સ્કૂલ ડાન્સ કોમ્પિટિશન થાય છે જેનામાં ન્યૂ હિમાયલા એજ્યુકેશન એકેડેમી યુ-મી હાઉસ દાહોદના ટીચર ઉમેશ મહાવર થી ડાન્સની તાલીમ લઈને છેલ્લા છ વાર થી લગાતાર કોમ્પિટિશનમા વિજય હાસિલ કરે છે.

## ઝરીબુઝર્ગ ગ્રામ પંચાયતનું વિભાજન ન કરવા ઠરાવ

ગરબાડા,

ઝરીબુઝર્ગ ગામે ગ્રામ પંચાયત વિભાજન માટે સભા યોજાઈ હતી. જેમાં ગ્રામસભા વિભાજન માટે ૯૦, વિભાજન ન કરવા ૩૯૦ની બહુમતી મળતા ગ્રામ પંચાયતનુ વિભાજન ન કરવા ઠરાવ થયો હતો.

ઝરીબુઝર્ગ ગામની ગ્રામ પંચાયત વિભાજન માટે ગ્રામજનો દ્વારા માંગ ઉભી થઈ હતી. જેને લઈ ગરબાડા તાલુકાના ઝરીબુઝર્ગ ગામે એ.ટી.ડી.ઓ. મહેશભાઈ પટેલ, જિલ્લા સભ્ય કમલેશભાઈ માવી, તલાટી આર.સી. ડામોર, ગ્રામ પંચાયત વહીવટદારની ઉપસ્થિતિમાં ગ્રામસભા યોજાઈ હતી. જે ગ્રામસભામાં વહીવટદાર દ્વારા ગ્રામ પંચાયત વિભાજનનો એજન્ડા રજુ કરાયો હતો. જેમાં ગ્રામ પંચાયત વિભાજન કરવા ૯૦ અને વિભાજન ન કરવા માટે ૩૯૦ની બહુમતી થતાં ઝરીબુઝર્ગ ગ્રામ પંચાયતનુ વિભાજન ન કરવા માટે બહુમતી મળતા ગ્રામ પંચાયત વિભાજન ન કરવા ઠરાવ કરવામાં આવ્યો હતો.

# દે.બારીયા તાલુકામાં ખેતી વિષયક થ્રી ફેઝ લાઈનોનું મેન્ટેનન્સ કરવા ભારતીય કિસાન સંઘ દ્વારા ના.ઈજનેરને લેખિત રજુઆત

દે.બારીયા,

દે.બારીયા તાલુકાના ખેડુતોને ખેતી વિષયક વીજ પુરવઠો ૧૦ કલાક પુરો મળી રહે તે માટે થ્રી ફેઝ લાઈનોનું મેન્ટેનન્સ તાત્કાલીક કરી આપવામાં આવે તેવી માંગ સાથે ભારતીય કિસાન સંઘ દુધીયા દ્વારા ના.ઈજનેર દે.બારીયાને લેખિત રુજઆત કરવામાં આવી.

દે.બારીયા તાલુકાના ખેડુતોને ખેતી વિષયક વીજ કનેકશનો છે પરંતુ પુરેપુરો થ્રી ફેઝનો પાવર તેને નહિ મળતાને આજે મુંઝવણમાં છે. સરકાર ૧૦ કલાક ખેતી વિષયક વીજ પુરવઠો આપવાની વાત કરે છે પરંતુ દે.બારીયા તાલુકામાં માંડ એક કલાક વીજ પુરવઠો મળતો હશે. મધ્ય ગુજરાત વીજ કંપની ઓફિસ માંથી કહેવામાં આવે છે. લાઈન ચાલું છે. પરંતુ ખેડુતોના ખેતર સુધી થ્રી ફેઝ લાઈનનો વોલ્ટેજ પહોંચતા નથી. મોંઘા ભાવના બિયારણો, ખાતરો નાખીને ખેતી માટે ખેડુતો મહેનતે કરી રહ્યા છે. પરંતુ થ્રી ફેઝ વીજ પુરવઠો નહિ મળતાં ખેડુતોના પાકને ભારે નુકશાન થતું હોય છે. વીજ કંપનીને અનેકવાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ વીજ કંપનીને ઉંઘ ઉડતી નથી. દે.બારીયા તાલુકામાં ખેડુતોના કુવા સુધી થ્રી ફેઝ વોલ્ટેજ પહોંચવાનું કારણે માત્ર લાઈનનું મેન્ટેનન્સ છે. હેલ્પરો લાઈન ઉપર આવતા નથી. દુધીયા ગામમાં એક ખેડુતને થ્રી ફેઝ લાઈનમાં બે વાયર નાખેલ છે. દોઢ વર્ષ થવા આવ્યું છતાં ચાર વાયર કરવામાં આવ્યા નથી. આ મધ્ય ગુજરાત વિજ કંપનીની નિષ્કાળજી છે. આ વિસ્તારમાં અભણ ખેડુત મજુરી કરવા બહાર જતા રહે મહિલાઓ ખેતરમાં જતા હોય પણ વીજ પાવર નહિ આવતો હોવાથી કઈ કરી શકતી નથી. વીજ કંપનીમાં ફોન કરતાં થોડીવારમાં આવશે. લાઈનમાં ફોલ્ટ છે તેવા ખેતી વિષયક થ્રી ફેઝ લાઈન હોવા છતાં વોલ્ટેજના અભાવે ખેડુતો પરેશાન થતા હોય છે. ખેતરોમાં ભુંડ અને જાનવરો ત્રાસ હોય છે. તેમાં પણ લાઈટના અભાવે ખેડુતો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે થ્રી ફેઝ લાઈનનું મેન્ટેનન્સ કરી ખેતરો સુધી વીજ વોલ્ટેજ પહોંચાડતો કરવા માટે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે ભારતીય કિસાન સંઘ દુધીયા દ્વારા દે.બારીયા નાયક ઈજનેર મધ્ય ગુજરાતને લેખિત રજુઆત કરાઈ છે.

## દે.બારીયા શહેરની શ્રીજી સ્કુલના વિદ્યાર્થીની ફીની માંગણી સાથે પરીક્ષાના પેપર આપવાની આનાકાની કરી હતી

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં શ્રીજી સ્કુલ વર્ષોથી નોન ગ્રાન્ટેડની ચાલુ છે. આ શાળાનું શિક્ષણ દે.બારીયા શહેરમાં વખણાય રહ્યું છે. પરંતુ તેના વખણાયેલા શિક્ષણ ઉપર એક કલંક લાગી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરની શ્રીજી સ્કુલમાં એક વિદ્યાર્થી અભ્યાસ માટે પ્રથમ સત્રથી એડમીશન કરાયો હતો નામે મેહરાબખાન મોહસીનખાન પઠાણને હાલમાં લેવાતી ટ્રાયલ પરીક્ષાના માટે પેપર આપવા માટે આનાકાની કરતા તેના પેરેન્ટસ શ્રીજી સ્કુલમાં દોડી ગયા હતા. તેમણે શ્રીજી શાળાના પ્રિન્સીપાલ ઈલા મેડમને રજુઆત કરી કે અમે બાકી બોલતી ફીની રકમ ભરપાઈ કરી દઈશું. તેમ છતાં શ્રીજી સ્કુલના ઈલા મેડમ બેના એકના થયા અગાઉ ૧૩,૦૦૦/- તેમજ ૩,૦૦૦/- ફી પેટની રકમ ભરી હોવા છતાં તા.૨૯/૦૨/૨૦૨૪ બુધવારના રોજ શાળાના પ્રિન્સીપાલના દ્વારા પરીક્ષા માટેના પેપર ન આપી પરીક્ષામાં વંચિત રાખવાનું દુસાહસ કરાયો હતો. તેની અસર તમામ વિદ્યાર્થીઓ ઉપર માનસીક અસર વર્તાઈ હશે. અત્રે ઉલ્લેખનિય છે કે, ગુજરાતના શિક્ષણ વિભાગના દ્વારા ૧ થી ૧૦માં અભ્યાસ કરતાં -બાળકોને ભાર વિનાનું ભણતર આપવા માટેની શાળાઓને સુચનાઓ હોવા છતાં શ્રીજી શાળાના મેડમ તો પેરેન્ટસને કહેતા હતા કે તમારે જ્યાં પણ રજુઆત કરવી હોય તો કરો પણ અમને ફી ચુકવો તમામ કલાસના બાળકોની વચ્ચે ફી માટેની પઠાણી ઉઘરાણી કરે જે તે વિદ્યાર્થીને પરીક્ષાથી વંચિત રાખી આખા વર્ષ બેકાર કરવા માટે કયા શિક્ષણ વિભાગના નિયમો આવ્યું છે.

## ઝાલોદ તાલુકાના બાજરવાડા ગામે DYSP પટેલની અધ્યક્ષતામાં રાત્રી સભા યોજાઈ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં ૩૧-૦૧-૨૦૨૪ બુધવારના રોજ બાજરવાડા મુકામે જાહેર જનતાને માર્ગદર્શન મળે તેવા જાહેર મુદ્દાઓને લઈ ડી.વાય.એસ.પી પટેલની અધ્યક્ષતામાં રાત્રી સભા યોજાઈ હતી. લોકોને જાગૃત કરવા તેમજ વિવિધ કાયદાની સમજ આપવાં માટે આ સભા યોજાઈ હતી.

રાત્રી સભામાં ટ્રાફિક અવેરનેસ વિશે સમજ અપાઈ જેમાં હેલ્મેટ ફરજીયાત પહેરે અને સ્પીડમાં વાહન ન ચલાવે તેમજ બે વ્યક્તિ થી વધુ વ્યક્તિ બાઈક પર સવાર ન રહે તેમજ ગાડીનો વીમો અને ગાડીની આર.સી બુક મોબાઈલમાં સાથે રાખવી જેવા મુદ્દા પર સમજ અપાઈ ત્યાર બાદ મોબાઈલ દ્વારા થતી છેતરપિંડી વિશે પણ સમજ અપાઈ જેમાં બેંક ખાતું ધરાવતા કોઈ વ્યક્તિએ કોઈ પણ વ્યકિતને ઓ.ટી.પી. ન આપવો, કોઈ પણ મોબાઈલ એસ.એમ.એસ સમજ્યા વિચાર્યા વગર ફોરવર્ડ ન કરવા તેમજ અજાણ્યા વ્યક્તિને પોતાનો ફોન નહીં આપવો જેવી સમજ અપાઈ. ગામડાઓમાં ચાલતા કુરિવાજો પર પણ વિશેષ ચર્ચા કરાઈ હતી. કુરિવાજો બંધ કરી પોતાની આવક વધારી કુટુંબને મદદરૂપ કેવી રીતે બનવું છેલ્લે મહિલાઓને કાયદાઓ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

વિશે સમજ આપવામાં આવી હતી. કયા કાયદાઓ થકી કેવી રીતે મહિલાઓ પર થતા અત્યાચાર નિવારી શકાય તે વિશે વિસ્તૃત સમજ અપાઈ હતી.

છેલ્લે ડી.વાય.એસ.પી પટેલ, પી.એસ.આઈ માળી, પી.એસ.આઈ. સિસોદીયા દ્વારા ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોય ત્યારે પોલીસનો સંપર્ક કરવા સલાહ આપવામાં આવી હતી તેમજ કાયદો કોઈ વ્યક્તિ હાથમાં ન લે તેવી માહિતી અપાઈ હતી. આમ બાજરવાડા મુકામે રાત્રી સભા દરમ્યાન જાગૃતિ હેઠળ અપાયેલ સૂચનો થી ઉપસ્થિત સહુ લોકોને માહિતગાર કરવામાં પોલીસ દ્વારા સુંદર પહેલ કરાઈ હતી.

## દે.બારીઆ અને પીપલોદમાં કેટલીક દુકાનદારો દ્વારા દુધની ૫૦૦ml ની થેલીની છાપેલ કિંમત કરતા વધુ નાણાં વસુલી ચલાવાતી લુંટ

દે.બારીઆ,

દે.બારીઆ શહેર અને પીપલોદ બજાર ગલીએ ગલીએ ડેરી ઉત્પાદનની દુકાનો શરૂ થઈ ગઈ છે. અને વહેલી સવારે પ્રાથમિક જરૂરિયાત મુજબ ચા બનાવવા માટે દુધની જરૂર ફરજીયાત પડતી હોય છે તે સ્વભાવિક છે. દુધની ૫૦૦ એમ.એલની થેલી ઉપર ૩૨ રૂપિયા છાપેલા હોય છે. ત્યારે દુકાનદારો ગ્રાહકો પાસેથી રૂ.૩૪ વસુલ કરતા હોય છે. જયારે ગ્રાહકો કેમ ભાવ વધારે લો છો ત્યારે દુકાનદારો કહેતા હોય છે કે અમે કરોડ રૂપિયાની દુકાન લઈ બેઠા છીએ, ફ્રીઝનુ લાઈટ બિલ આવે છે કઈ દુધ મફત નથી મળતુ તેવા જવાબો ગ્રાહકોને આપે છે. ત્યારે ગ્રાહકો દુધની જરૂર હોય મોં માંગ્યો ભાવ આપીને દુધ લઈ લેતા હોય છે. દે.બારીઆ શહેર અને પીપલોદ બજાર આવે ડેરી પ્રોડકટની દુકાને આઈસ્ક્રીમ, કેક, ઠંડા પીણા, બ્રેડ સહિત કેટલીય ચીજવસ્તુઓનુ વેચાણ કરવામાં આવતુ હોય છે. જેમાં આ બધી વસ્તુઓ ઘણીવાર વાસી, જુની, અને હલકી ગુણવત્તાની પ્રોડકટ ગ્રાહકોને ઉંચી કિંમત લઈને પેકિંગ કરી આપી દેવાતી હોય છે. જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય પગલા ભરવામાં આવે તેવી ગ્રાહકોની માંગ ઉઠવા પામી છે.

## ઝાલોદ તાલુકાના લીમડી ગામે માર્ગની મરામતમાં બેદરકારી રાખનાર સામે ગુનો દાખલ કરવા રજુઆત

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડીથી ડુંગરી સુધીનો રસ્તો છેલ્લા કેટલાક સમયથી બિસ્માર હાલતમાં છે. આ રસ્તાની મરામત કરવા માટે જવાબદાર વિભાગના અધિકારીઓને અનેકવાર રજુઆતો કરવા છતાં પણ કોઈ જ કાર્યવાહી કરાઈ નથી. જેના કારણે આ રસ્તા ઉપર રોજના કેટલાક અકસ્માતો થઈ રહ્યા છે. તેમજ ઘણા અકસ્માતોમાં તો કેટલાંકના મોત પણ થવા પામ્યા છે. જેને લઈને આંબા જિલ્લા પંચાયતના સભ્ય ઉષાબેન વહોનીયા દ્વારા સ્ટેટ હાઈવે નંબર-૫૬ લીમડીથી ડુંગરી સુધીના રસ્તા ઉપર ખાડાઓના લીધે અકસ્માત થવાથી ચાલકોના જીવ જોખમાઈ રહ્યા છે. માટે બેજવાબદારી દાખવનાર અધિકારીઓની તપાસ કરીને તેમની સામે ગુનો દાખલ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીને લેખિતમાં રજુઆત કરી છે. છેલ્લા ઘણા સમયથી અવાર નવાર રજુઆતો કરવા છતાં પણ આ રસ્તાની મરામત ન કરાતા આંબા જિ.પં.ના સભ્ય દ્વારા કલેક્ટરને અને પોલીસ વડાને લેખિત રજુઆત કરી જવાબદારો સામે ગુનો દાખલ કરવા માંગણી કરવામાં આવી છે.

## દે.બારીયા શહેરમાં ડોર ટુ ડોર કચરા કલેકશન માટેના ચારેચાર વાહનો બંધ થઈ ગયા છે ???

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના કોન્ટ્રાકટરના દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જે ડોર ટુ ડોર કચરાનું કલેકશન થતું હતું. તે વાહનો બંધ થઈ ગયા છે ? શું ડોર ટુ ડોર કચરા કલેક્શન માટે જે કોન્ટ્રાકટરની સમય મર્યાદા પુરી થઈ જવા પામી છે કે પછી તેમાં કંઈને કઈ કલેક્શન માટેના વાહનોમાં આવતું ડીઝલ માટેનો ખર્ચ ઓછો થાય તેના માટે કોઈ દેખવાનું છે. બે-પાંચ, પંદર દિવસ બંધ રાખીશું તો કોણ દેખવાનું છે. પરંતુ લોકતંત્રના ચોથા સ્તંભની નજરોથી અને કેમેરાથી બચી શકતા નથી. શું ? સેનટરી ઈન્સ્પેકટરને આ અંગે જાન નહિ હોય તે યક્ષ પ્રશ્ન છે. છેલ્લા ચાર પાંચ માસથી અલગ અલગ એક રોટોના ડોર ટુ ડોર કલેકશન કરતા વાહનો જેવા દ્વારા થશે. એક એક કરીને બંધ કરી દીધા છે. જેથી આ અંગે દે.બારીયા પ્રાંત અધિકારી નગર પાલિકાના જે તે કર્મીઓને તાકીદે તેડું મોકલાવે અને ડોર ટુ ડોરમાં થતી ખાયકીના અંગે તટસ્થ તપાસ કરે તેવી શહેરજનોની માંગ ઉઠવા પામી છે. તેના માટે ડોર ટુ ડોર કચરા કલેકશનના સખી મંડળોની બહેનોને બંધ કરવામાં આવી છે કે પછી આમ ગ્રાન્ટને કાગળો પર વાપરવામાં આવી રહી છે. તેની વડોદરા ઝોનના કમીશ્નર સ્થળની મુલાકાતે આવીને તપાસનો દોર ચલાવે તેવી આમ જનતાની માંગ ઉઠી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.136

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાલોલ ટોટો કંપનીના કાયમી કર્મચારીઓએ યુનિયન બનાવતા કર્મચારીઓને

# આજે કંપનીમાં પ્રવેશવા નહિ દેતાં કંપની બહાર હોબાળો કરતાં પોલીસ દોડી આવી મામલો ઠાળે પાડવા પ્રયાસ કર્યો

હાલોલ,

હાલોલના ચંદ્રપુરા ગામે આવેલ ટોટો કંપનીના કાયમી કર્મચારીઓને યુનિયન બનાવતા આજરોજ કંપનીના કર્મચારીઓને નોકરી પર હાજર ન થવા દેતાં કંપનીના મુખ્ય ગેટ બહાર હોબાળો કરતાં ઘટના સ્થળે પોલીસ દોડી આવી મામલો ઠાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. હાલોલના ચંદ્રપુરા ગામે આવેલ ટોટો કંપની જે કંપનીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના સેનેટરીવેર બનાવતી હોય આ કંપનીમાં ૫૦૦ કરતાં વધુ કર્મચારીઓ કાયમી નોકરી કરતા હોય કંપનીના કાયમી કર્મચારીઓ દ્વારા યુનિયન બનાવવામાં આવ્યું હોય જેને લઈ આજરોજ કંપનીના કાયમી નોકરી કરતાં કર્મચારીઓને નોકરી પર હાજર થવા દેવામાં આવ્યા ન હતા અને કંપનીના મુખ્ય ગેટથી કર્મચારીઓને અંદર પ્રવેશ કરવા નહિ દેતાં કર્મચારીઓ દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. ટોટો કંપનીમાં કર્મચારીઓ દ્વારા હોબાળો કર્યાની ઘટનાની જાણ થતાં હાલોલ રૂરલ પોલીસ દોડી આવી હતી અને કર્મચારીઓને સમજાવીને મામલો ઠાળે પાડવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા.







# મોરવા(હ) વાડોદર પ્રા.શાળાના આચાર્ય દ્વારા મધ્યાહન ભોજન સંચાલિકાની છેડતી કર્યાની ફરિયાદ નોંધાઈ

## આચાર્ય સામે મોરવા(હ) પોલીસ મથકે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના વાડોદર પ્રા.શાળામાં મધ્યાહન ભોજન સંચાલક મહિલા સાથે શાળાના આરોપી આચાર્ય દ્વારા એકલા જોઈ અવારનવાર શારીરિક અડપલા કરી બિભત્સ માંગણી કરી છેડતી કરતાં આ બાબતે શાળાના આચાર્ય વિરૂદ્ધ મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના વાડોદર પ્રા.શાળામાં મધ્યાહન ભોજન મહિલા સંચાલક અને કુક તરીકે નિર્મળાબેન ગીરવતસિંહ ઉર્ફે ગીરેન્દ્રસિંહ ઠાકોર ફરજ બજાવતા હોય શાળાના આચાર્ય તરીકે ફરજ બજાવતા સુરેશચંદ્ર માનસીંગ ભાભોર હોય તેમના દ્વારા તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૨૩/૦૧/૨૦૨૪ સુધીના સમય દરમિયાન મધ્યાહન ભોજન સંચાલિકા હોય તેનો લાભ લઈ મધ્યાહન ભોજનનું અનાજ મુકવા કોઠાર પાસે આચાર્ય તેની પાસે જઈ અવારનવાર શારીરિક અડપલા કરતો હોય તેમજ અમુક અમુક સમયે મહિલાનો હાથ પકડી બિભત્સ માંગણી કરી છેડછાડ કરી ગુનો કરતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે આરોપી આચાર્ય વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## મોરવા(હ) વાડોદર પ્રા.શાળાના આચાર્યને મામલતદારને ફોન કરી નિર્મળાબેનને મધ્યાહન ભોજન માંથી હુકમ રદ કરાવ્યો છે. તેમ કહી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

જ્યારે વાડોદર પ્રા.શાળાના આચાર્ય દ્વારા મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. આચાર્ય સુરેશચંદ્ર માનસીંગભાઈ ભાભોર અનુસુચિત જાતિના હોય તેમ આરોપીઓ ઈશ્વરસિંહ મહેન્દ્રસિંહ ઠાકોર, ગીરવતસિંહ ઉર્ફે ગીરેન્દ્રસિંહ ઠાકોર બન્ને પ્રા.શાળામાં આવ્યા હતા અને આચાર્યને ઓફિસમાં બોલાવી તમે તાલુકા પંચાયત કચેરી સુપરવાઈઝર અને મામલતદાર સાહેને ફોન કરી તપાસ કરાવીને મધ્યાહન ભોજન સંચાલક નિર્મળાબેનના હુકમ રદ કરાવેલ છે. તેમ કહી ઉશ્કેરાઈ જઈ શાળાની ઓફિસમાં ટેબલ ઉપર મુકો મારી કાચ તોડી નાખી નુકશાન કર્યુ હતું અને રોડ ઉપરથી આવ જાવ કરશો તે વાહનના અડફેટમાં લઈ મારી નાખીશું. તેવી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ મોરવા(હ) પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ નોંધાવતા પોલીસે ગુનો નોંધી.

# મોરવા(હ)ના સાલીયા ગામે સરકારી જમીન પરત મેળવવા ગ્રામ પંચાયત દ્વારા રજુઆત

શહેરા,

પંચમહાલ જિલ્લાના મોરવા(હ)તાલુકાના સાલીયા ખાતેની સરકારી જમીન પરત મેળવવા જિલ્લા કલેકટરને ગ્રામ પંચાયત દ્વારા રજુઆત કરવામાં આવી છે. જેમાં જમીન પરત અપાશે તો રોજગારી આપવાની પંચાયતની બાંહેધરી આપવામાં આવી છે.

સાલીયા ખાતે આવેલી સરકારી જમીન ગ્રામ પંચાયતને પરત આપે તેવી લેખિત રજુઆત ગ્રામ પંચાયત દ્વારા જિલ્લા કલેક્ટર સમક્ષ કરાઈ છે. હાલમાં આ જમીન સરકાર હસ્તક છે. ત્યારે આ જમીન પાછી આપવામમાં આવે તો ત્યાં રોજગારીની તકો ઉભી કરી યુવાનોને રોજગાર આપવા અંગેની કામગીરી કરાશે. તેવી પણ લેખિત રજુઆત જિલ્લા કલેકટરને કરવામાં આવી છે. સાલીયા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલી લેખિત રજુઆતમાં જણાવ્યુ છે કે, સાલીયા ખાતેની જમીન હાલમાં સરકારી હસ્તક છે, આ જમીન હાલ સ્થળ પર પડતર રહેવા પામેલી છે અને જમીન ખુલ્લી પડેલી છે આ જમીન સરકારના હસ્તક રેકર્ડ ઉપર પરત લેવાની થાય છે. જેથી આ જમીન સરકારના હસ્તક પરત લઈ સાલીયા ગ્રામ પંચાયતના લોકોના જાહેર હિત માટે ઉપયોગી થઈ શકે તેમ છે. જમીન ઉપરની કાર્યવાહી પછી આ સરકારી જમીન ગ્રામ પંચાયત સાલીયાને આપવામાં આવશે તો જમીનમાં ગ્રામ પંચાયત પોતાના સ્વખર્ચે વાણિજયની દુકાનો, કોમ્પલેક્ષ, બનાવી ગામના શિક્ષિત બેરોજગાર યુવાનો અને અન્ય આ જ ગામના લોકોને રોજગારી મળી રહે તે માટે ગ્રામ પંચાયત આ જમીનમાં દુકાનો બનાવી તે દુકાનો ફકત ગામના લોકોને જ ભાડે આપવા માંગીએ છીએ જેથી સરકારના ધારા ધોરણ મુજબ ગ્રામ પંચાયત સાલીયાને સરકારી જમીન કાયમી ફાળવે તો જે કોઈ નાણાં સરકારમાં ભરવાના થાય તે ભરવા ગ્રામ પંચાયત સંમત હોય, માંગણી મુજબની જમીન ફાળવી આપવા યોગ્ય કાર્યવાહી થવા પંચાયતની માંગણી કરાઈ છે.

# કોમર્સ કોલેજ ગોધરા ખાતે ફૂડ પ્લેનેટ હેલ્થ અવેરનેસ વેબીનાર યોજાયો

ગોધરા,

વેગન આઉટરીચ એનજીઓ તથા કોમર્સ કોલેજના એન એસ એસ વિભાગના સંયુક્ત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓ માટે ફૂડ પ્લેનેટ હેલ્થ અવેરનેસ વેબિનાર યોજાયો. જેમાં ૩૬૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ અત્યંત રોચક માહિતી મેળવી હતી.

શું આપણે જાણીએ છીએ કે આપણી ભોજનની જે ડીશ છે, એ ‘‘ક્લાયમેટ ચેન્જ ‘‘નું કારણ બની શકે છે..? તો આ કેવી રીતે બની શકે છે, તે માટેની વિસ્તૃત માહિતી આ વેબીનારમાં આપવામાં આવી હતી. પશુ, પંખી સહિત જીવ માત્રને પૃથ્વી પર જીવવાનો અધિકાર છે ત્યારે અમુક લોકો દ્વારા કુદરતના આ ચક્રને તોડવાના જે પ્રયાસ થઈ રહ્યા છે અને જે રીતે ધાન્યની- અનાજની ખેતી થાય છે તે રીતે ઈંડા, મરઘા, માછલી, દેડકા ,બકરા, પ્રાણીઓની ખેતી કરીને જે રીતે તેની નિર્મમ હત્યા કરી અને પોતાની સાથે સમગ્ર પૃથ્વીનું જે બેલેન્સ- સંતુલન જે રીતે હાલ બગડી રહ્યું છે, તેના પર આંખ ખોલી નાખે તેવો સરસ વેબીનાર વિદ્યાર્થીએ માણ્યો હતો. આ વેબીનારમાં નિજા મેડમ કે જેઓ કોર્ડીનેટર અને એનિમલ ડિપ્રેશન મોમેન્ટના સક્રિય સભ્ય તેમજ સામાજીક જાગૃતિ માટે સતત પ્રયત્નશીલ છે તેમના દ્વારાદ્ ખૂબ સુંદર માહિતી આપવામાં આવી હતી.




પ્રારંભમાં વિદ્યાર્થીઓને વેબીનારને લગતી માહિતી કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ સ્નેહાબેન વ્યાસ દ્વારા આપવામાં આવી હતી જ્યારે કોલેજના એન.એસ.એસ કોર્ડીનેટર ડોક્ટર અરૂણસિંહ સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી વેબીનારને સફળ બનાવવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી.

વેબિનાર બાદ વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપતા આવા સુંદર વેબીનારને વખાણ્યો હતો, આવકાર્યો હતો અને ભવિષ્યમાં પણ આવા વેબીનાર દ્વારા અહિંસા પરમો ધર્મના સિદ્ધાંતમાં કયાને કયાં આપણે આપણું યોગદાન આપી શકીએ તે માટે પ્રતિબદ્ધ થયા હતા.

# મોતાલ ગામે ઢોર બાંધવા બાબતે ઝગડામાં પંજેડી મારી ઈજાઓ કરતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના મોતાલ ગામે લીમડાવાળા ફળીયામાં ફરિયાદી પોતાના ઘરે હતા. ત્યારે આરોપીઓ ગાયો તેમજ ભેંસો બાંધવા બાબતે તું કહેવાવાળો કોણ તેમ કહી ગાળો આપી પંજેડી લઈ આવી ફરિયાદીને હાથના ભાગે મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના મોતાલ ગામે લીમડાવાળા ફળીયામાં રહેતા ઉપેન્દ્રસિંહ દિલીપસિંહ સોલંકી અને સરોજબેન પોતાના ઘરે હાજર હતા. ત્યારે આરોપીઓ કિરપાલસિંહ સોલંકી અને આશાબેન કિરપાલસિંહ સોલંકી તેમના ઘરે આવી તું ગાયો અને ભેંસો બાંધવા ના પાડવા વાળો કોણ છે. મારા ઢોર અહીંયા બાંધીશ તેમ કહી ગાળો બોલતા હોય ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ જઈ તેના ઘરેથી હાથાવાળી પંજેડી લઈ આવી એક આરોપી પકડી રાખી પંજેડી હાથના ભાગે મારી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જીલ્લામાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન, ગોધરા દ્વારા નિઃશુલ્ક તાલીમ અને સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો



ગોધરા,

મહિલાઓની આર્થિક આજીવિકામાં સુધારો થાય તે હેતુથી પંચમહાલ જીલ્લામાં ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન (આર-સેટી) ગોધરા દ્વારા વિવિધ પ્રકારની તાલીમનું આયોજન કરવામાં આવે છે. RSETI ગોધરા દ્વારા પંચમહાલ જીલ્લાની૩૫ બહેનોને ૩૦ દિવસની સીવણકામનીતાલીમ આપીને ટ્રેનિંગના અંતિમ દિવસે ગોધરા ખાતે સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ તકે પંચમહાલ જીલ્લા LDM સતેન્દ્ર રાવ, RSETI ડાયરેક્ટર દેવીદાસ દેશમુખ અને DRDA વિભાગના કર્મચારીઓએ હાજર રહીને બહેનોને સ્વરોજગાર માટે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ સાથે RSETI દ્વારા૧૦ દિવસની ફાસ્ટ ફૂડ અને સ્ટોલ ઉદ્યમી તાલીમ માટે રજીસ્ટ્રેશન કરવાનો પ્રારંભ કરાયો છે. આ અંગે વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૯૦૯૯૦ ૭૫૮૯૯ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન (આર-સેટી) અંતર્ગત સમગ્ર ગુજરાતનાં ગ્રામીણ વિસ્તારનાં ગરીબ કુટુંબના ૧૮ થી ૪૫ વર્ષના યુવાન/યુવતીઓને સ્વરોજગારી અંગેની નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન અંતર્ગત અપાતા તાલીમ કોર્સનો સમયગાળો ૬ થી ૪૫ દિવસનો હોય છે, જેમાં ૬૧ પ્રકારના કોર્સની તાલીમ આપવામાં આવે છે.

# શહેરા તાલુકાના સગરાડાની વસાહતના પોકસોના આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

શહેરા,

શહેરા તાલુકાના સગરાડા નવી વસાહતનો આરોપી ઈસમ સગીરાનું પટાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી જતાં આ બાબતે શહેરા પોલીસ મથકે પોકસો અધિનિયમ અંતર્ગત ગુનો નોંધાતા આ ગુનામાં આરોપીનો કેસ પંચમહાલ ત્રીજા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૨૦ વર્ષની સજા અને ૫,૦૦૦/-રૂા.નો દંડ ફટકારવામાં આવ્યો.

શહેરા તાલુકાના સગરાડા નવી વસાહત ગામના આરોપી સંજયભાઈ રામસીંગભાઈ મછાર ૨૦૧૮ના વર્ષમાં ફરિયાદીની સગીર વયની દિકરીને પટાવી ફોસલાવી લગ્ન કરવા અને યૌનશોષણ માટે ભગાડી લઈ ગયો હતો. આ બાબતે શહેરા પોલીસ મથકે આઈ.પી.સી.૩૬૩,૩૬૬ અને પોકસો અધિનિયમ અંતર્ગત ગુનો નોંધાયેલ હતો. આ ગુનામાં આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. તે ગુનાનો કેશ પંચમહાલ ત્રીજા એડીશીનલ સેશન્સ જજ આર.જે. પટેલની કોર્ટમાં ચાલી જતાં સરકારી મદદનિશ વકીલ આર.એમ.ગોહિલ દલીલો કરી હતી. ત્રીજા એડીશીનલ સેશન્સ જજ એ દલીલો સાંભળયા બાદ આરોપી સંજય રામસીંગભાઈ મછારને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી અને ૧૦,૦૦૦/-રૂા. દંડ કરવામાં આવ્યો.

# ઘોઘંબા રાત્રિ ગ્રામસભામાં પોલીસે ગ્રામજનોની સમસ્યાનો ઉકેલ લાવવા બાંહેધરી આપી

ઘોઘંબા,

પંચમહાલ એસ.પી. હિમાંશુ સોલંકીની સુચનાથી લોકોમાં પોલીસની સારી ઈમેજ અને પ્રજાની સમસ્યાઓ સાંભળવા માટે તમામ પોલીસ સ્ટેશન ખાતે સુચનાઓ આપવામાં આવી છે. ત્યારે ઘોઘંબામાં આવેલ નવીન પીએસઆઈ રાઠોડ દ્વારા ઘોઘંબા મેઈન બજારમાં રાત્રિસભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઘોઘંબા ભાજપના પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ ઉપરાંત વેપારી મંડળના પ્રમુખ જીજ્ઞેશભાઈ શાહ અને તમામ દુકાનદારો ઉપસ્થિત રહ્યા હતા. પીએસઆઈ રાઠોડે ગ્રામજનોને કેટલાક કાયદાઓ હાથમાં ન લેવાની સલાહ આપી હતી. જયારે ગ્રામજનો દ્વારા રજુ કરવામાં આવેલ સમસ્યાનો ઉકેલ વહેલી તકે લાવવા માટે તેમને બાંહેધરી આપવામાં આવી હતી. જેમાં ઘોઘંબાના મેઈન બજારમાં થતી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ અને સ્કુલો આગળ પ્રાઈવેટ વાહનો પાર્કિંગ કરીને આવતી-જતી વિદ્યાર્થીઓને છેડતી કરનાર લોકોને ખાસ કાયદાના પાઠ ભણાવવાની અપીલ કરવામાં આવી હતી. જયારે નવીન ગ્રામ પંચાયત દ્વારા લાવવામાં આવેલ સફાઈ મશીનનુ પીએસઆઈ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
## ટેન્ડર નોટીસ નં-૦૯ અને ૧૦ સને-૨૦૨૩-૨૪

ઈ-ટેન્ડર આઈ.ડી. નં.-૩૯૩૬૨ અને ૩૯૪૮૮

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પ્લેક્ષ, ધાનકાવાડ, ગોધરા, જીલ્લો-પંચમહાલ-૩૮૯૦૦૧, ફોન નં-૦૨૬૭૨ ૨૪૧૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે.
(૧) કામનું નામ-એકશન પ્લાન ૨૦૨૩-૨૪ (મ.અને નિ.) અંતગર્ત (અ) પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાની વણાંકબોરી જુથ પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણીની (સિવિલ) ૦૬ માસ માટેની કામગીરી, અંદાજીત કિંમત રૂા.૩૪.૮૮ લાખ અને (બ) પંચમહાલ જીલ્લાના શહેરા/ગોધરા/લુણાવાડા તાલુકાની પાનમ જુથ પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણીની (સિવિલ) ૦૬ માસ માટેની કામગીરી, અંદાજીત કિંમત રૂા.૪૩.૪૩ લાખ (કુલ બે કામ) (૨) એજન્સીની પાત્રતા-ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઈ ખાતાના યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત ધરાવતાં ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. (૩) ઉકત કામોની બાનાની રકમ/ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http//gwssb.nprocure.com ઉપર જોઈ શકાશે. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ ૦૮/૦૨/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી તથા ફિઝીકલ દસ્તાવેજો કચેરીમાં આર.પી.એડી./હાથો હાથ/કુરીયર થી સબમિશન કરાવવાની છેલ્લી તારીખ-૦૯/૦૨/૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે. સદર ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોકયુમેન્ટ /સુધારા કે કોઈપણ ફેરફાર હવે પછી વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.
‘‘ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઈન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.’’

માહિતી/ગોધરા/૮૩૦/૨૦૨૪

## નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલપસર વિભાગ (ગુજરાત સરકાર)
## જાહેર નિવિદા નં.‘‘૧૫’’ સને ૨૦૨૩-૨૪ (ઈ-ટેન્ડરીંગ)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, લુણાવાડા, તા. લુણાવાડા જી.મહીસાગર પિન.૩૮૯૨૩૦ (ફોન. નં. ૦૨૬૭૪-૨૫૧૬૨૩)ની કચેરીએથી ટેન્ડરમાં દર્શાવિલી શરતો આધીન સક્ષમ કક્ષાની કન્સલ્ટન્સી સેવાઓ પૂરી પાડવા માંગતા ઈજારદાર પાસે થી સંતરામપુર પેટા વિભાગમાં સમાવિષ્ટ એમ.આઈ. ટેન્કના રિપેરિંગ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર વેબસાઈટ પરથી ઓનલાઈન ડાઉનલોડીંગ કરવાની તાઃ-૦૧/૦૨/૨૦૨૪ થી ૧૧.૦૦ કલાકથી ટેન્ડર ઓનલાઈન સબમિશન કરવાની છેલ્લી તાઃ-૧૫/૦૨/૨૦૨૪ ના ૧૮.૦૦ કલાક સુધી અને ટેન્ડરમા જણાવેલ ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાની છેલ્લી તાઃ-૨૦/૦૨/૨૦૨૪ ના ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર ખોલવાની તાઃ-૨૨/૦૨/૨૦૨૪ ના ૧૨.૩૦ કલાક. સદર ટેન્ડર કોઈ કારણ દર્શાવ્યા સિવાય રદ્દ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. ઉક્ત કામોની અન્ય વિગતો ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http://nwr.nprocure.com Or www.statetenders.com જોઈ શકાશે.

માહિતી/ગોધરા/૮૩૪/૨૦૨૪

# શહેરાના શેખપુર ગામેથી સુકા ગાંજા અને લીલો ગાંજો મળી ૨૦,૭૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને SOGએ ઝડપ્યો

શહેરા,

શહેરા તાલુકાના શેખપુર ગામે નાયકા ફળીયામાં રહેતા આરોપીના ઘરે ગાંજો રાખેલ હોય તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન સુકો ગાંજો ૧,૭૨૦ કિલો ગ્રામ તેમજ જમીનમાં ઉગાડેલ લીલા ગાંજાના છોડ નંગ-૧૫ મળી કુલ ૨૦,૭૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.



વિસ્તૃત વિગતો મુજબ શહેરા તાલુકાના શેખપુર ગામે નાયકા ફળીયામાં રહેતા વિનુભાઈ રૂપાભાઈ નાયકા એ પોતાના ઘરમાં સુકા ગાંજાનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પંચમહાલ એસ.ઓ.જી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઘર માંથી સુકો ગાંજો વજન ૧,૭૨૦ કિલો ગ્રામ કિંમત ૧૭,૨૦૦/-રૂપીયા તથા પોતાની માલિકીની જમીનમાં ઉગાડેલ લીલા ગાંજાના છોડ વજન ૩૫૦ ગ્રામ મળી કુલ ૨૦,૭૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે વિનુભાઈ નાયકાને ઝડપી પાડી આ બાબતે શહેરા પોલીસ મથકે એન.ડી.પી.એસ. એકટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.